આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૩૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની કામગીરી

# સરોધી હાઈવે પર ૨.૮૪ ગ્રામ બ્રાઉન હેરોઈન સાથે પંજાબી ઝડપાયો

**સરોધીની સીમમાં વંશ હોટલના પાર્કિંગમાં એક શખ્સ માદક પદાર્થ (નાર્કોટિક્સ) નું વેચાણ કરવાની પેરવીમાં ઉભો છે. બાતમીના આધારે પોલીસ ટીમે ત્રાટકી : શંકાસ્પદ હાલતમાં ઉભેલા શખ્સને ઘેરી લઈ સઘન તપાસ કરતા ઘટસ્ફોટ થયો : આંતરરાષ્ટ્રીય બજારમાં રૂા.૫૬,૮૦૦નાં થતાં બ્રાઉન હિરોઈન સાથે ઝડપી જેલ ભેગો કર્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ રૂરલ પોલીસે બાતમી આધારે સરોધી હાઈવે પરથી પંજાબના એક શખ્સ પાસેથી ૨.૮૪ ગ્રામ બ્રાઉન હેરોઈન કિંમત રૂા. ૫૬,૮૦૦ની કિંમત સાથે ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો છે. જ્યારે હેરોઈન આપનાર પંજાબના અજાણ્યા ઈસમને પોલીસે શોધખોળ શરૂ કરી છે.

વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ વલસાડ જિલ્લાની તમામ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ દ્વારા ગાંજો હેરોઇન ડ્રગ્સ જેવા નસીલા પદાર્થ પર ચાપતિ નજર રાખી રહી છે. ત્યારે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે નંબર ૪૮ પર સુરત તરફથી વાપી તરફ જતાં રોડ પર, સરોધી ગામની સીમમાં આવેલ વંશ હોટલના પાર્કિંગમાં એક શખ્સ માદક પદાર્થ (નાર્કોટિક્સ)નું વેચાણ કરવાની પેરવીમાં ઉભો છે. બાતમીના આધારે પોલીસ ટીમે હોટલના પાર્કિંગમાં શંકાસ્પદ હાલતમાં ઉભેલા શખ્સને કોર્ડન કરીને તેની પુછપરછ કરતા બિક્રમસીંગ ઉર્ફે પ્રિન્સ ઉં. વર્ષ ૪૮, રહે. જીવંદા હાઉસ, બાબા દીપસીંગજી ગુરૂદ્વારા પાસે, જી. તરનતારન, પંજાબ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની અંગજડતી કરતા તેના ખિસ્સામાંથી ૨.૮૪ ગ્રામ બ્રાઉન હેરોઇન (જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આશરે ૫૬,૮૦૦ રૂપિયા તેમજ રોકડા રૂપિયા ૨૦૦૦, એક મોબાઈલ કિંમત ૫,૦૦૦ મળી કુલ ૬૩,૮૦૦ના મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે પકડાયેલા આરોપીની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ પ્રતિબંધિત ડ્રગ્સ તેને પંજાબના તરણતારન જિલ્લાના જ કોઈ અજાણ્યા ઈસમે આપ્યું હતું અને તે અહીં કોઈ અન્ય અજાણ્યા શખ્સને ડિલિવરી આપવા માટે આવ્યો હતો. વલસાડ રૂરલ પોલીસે આ મામલે ગુનો નોંધીને ડ્રગ્સ આપનાર અને ખરીદનાર બંને અજાણ્યા શખ્સોના મોબાઈલ નંબર અને સરનામા મેળવવા વધુ તપાસ ચાલુ કરી છે.

# મોગરાવાડી ગરનાળા પાસે રીક્ષામાંથી ગાંજાની ૪૨ પડીકી સાથે ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા, ૧૪ :** વલસાડ સીટી પોલીસ મથકના પીએસઆઈ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હોય તે દરમિયાન મળેલી બાતમી આધારે મોગરાવાડી રેલવે ગરનાળા આગળ ઉભેલી રીક્ષામાં તપાસ કરતા ગાંજાની ૪૨ પડીકી ૩૦૨ ગ્રામ કિંમત રૂા.૧૫ હજાર, મોબાઈલ, રોકડા રૂપિયા, રીક્ષા મળી કુલ રૂા.૨.૩૯ લાખના મુદ્દામાલ સાથે રીક્ષા પારડી સાંઢપોર મોગરાવાડીના રીક્ષા ચાલકની ધરપકડ કરી છે. જ્યારે બાજુમાં રહેતા પાડોશીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

વલસાડ સીટી પોલીસ મથકના પીએસઆઇ અનિરુદ્ધ ગોહિલ તેમની ટીમ સાથે ફરતા હતાં. તે દરમિયાન બાતમી મળી કે રિક્ષા ચાલક ગાંજો વેચી રહ્યો હોવાની બાતમી આધારે પોલીસે મોગરાવાડી રેલવે ગરનાળા બહાર આવેલ સામર ફળિયા પારડી સાંઢપોર રીક્ષા નં. GJ-15-AW-7133માં છાપો મારતા પરીક્ષા ચાલક અમિત ઉર્ફે પેન્ડો રસીકભાઈ નીકુંભ રહે. મોગરાવાડી, પારડી સાંઢપોર, વલસાડ નામના ઈસમને ઝડપી પાડ્યો હતો. તપાસ કરતા જિલ્લામાં મુકેલ નાની નાની ગાંજાની પડીકી ૪૨ નંગ જેનો વજન ૩૦૨ ગ્રામ મળી આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી અને તેની પૂછપરછ કરતા જણાવ્યું આ ગાંજાનો જથ્થો તેને તેના જ ઘરની બાજુમાં રહેતા પ્રશાંત તિવારી રહે. મોગરાવાડી પારડી સાંઢપોર, રેલ્વે ગરનાળા પાસે નામનો ઈસમે એક અઠવાડિયા પહેલા આપ્યો હતો. અમિત આ જથ્થામાંથી નાની-નાની પડીકીઓ બનાવીને છૂટકમાં વેચતો હતો. મળી આવેલ ગાંજાની કિંમત રૂા. ૧૫૧૦૦ મળી કુલ રૂા. ૨,૩૯,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે તેની સામે ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.




ભંગારના ગોડાઉનમાં આગ પ્રકરણ

# ડુંગરી ફળિયામાં બે માલિકો સામે ગુનો

**વાપી, તા.૧૪ :** વાપીના કરવડ રોડ સ્થિત ડુંગરી ફળિયા વિસ્તારમાં બે દિવસ પહેલા ભંગારના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગની ઘટનાના અનુસંધાને પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગેરકાયદેસર રીતે ભંગારનો સંગ્રહ કરવામાં આવતો હોવાની વિગતો બહાર આવતા બે ગોડાઉન માલિકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ કરવડ રોડ પર ડુંગરી ફળિયામાં નૂર કાંટા સામે આવેલા ભંગારના ગોડાઉનમાં આગ લાગતા ચાર જેટલા ગોડાઉન આગની ઝપેટમાં આવી ગયા હતાં. ઘટનામાં લાખો રૂપિયાનું નુકસાન થયું હતું અને આગને કાબૂમાં લેવા માટે ફાયર વિભાગને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ તથા સંબંધિત વિભાગોએ તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ગોડાઉનમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તેમજ વાપી મહાનગરપાલિકાની જરૂરી મંજૂરી વિના જ્વલનશીલ અને જોખમી ચીજવસ્તુઓનો ભંગાર મોટા પ્રમાણમાં સંગ્રહ કરવામાં આવતો હતો. આગ લાગવાની ઘટનામાં આ બેદરકારી પણ એક કારણ હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસે ગોડાઉન સંચાલક હેર રામ અરૂણ ચૌબે (રહે. દાદરા) અને આફતાબ તુફેલ અહેમદ શેખ (રહે. ડુંગરા, નૂર કાંટા સામે) સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.






# સ્થાનિક સમાચાર

Monday 15, June 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

### શક્કરપુર લેવા પાટીદાર સમાજ દ્વારા સમાજ કલ્યાણ અર્થે

## વાંસદામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૪ :** દાનવીર દાતા ભાઈલાલભાઈ બેચરભાઈ પટેલ તથા કમલાબેન ભાઈલાલભાઈ પટેલના સૌજન્ય થી અને બીજા દાતા ઓ ઈન્દ્રવદન બર્માવાલા (અમેરિકા), યોગીનીબેન મનોજભાઈ તથા મનોજભાઈ ચુનીલાલ પટેલ હ. વિશાલ પટેલ, શંકરભાઈ નાથાલાલ પટેલ (અમેરિકા), સુરેશભાઈ અંબાલાલ પટેલ હ. મિતેશ પી. પટેલ (અમેરિકા), પન્નેશભાઈ મોહનભાઈ પટેલ હ. હનીશભાઈ પી. પટેલ (હોંગકોંગ), શશીકાંતભાઈ ગોકળદાસ પટેલ, હ. રાહુલભાઈ એસ. પટેલ (અમેરિકા), લક્ષ્મીદાસ કરશનદાસ પટેલ પરિવાર, રમણભાઈ લક્ષ્મીદાસ પટેલ લક્કડશેરી તથા કેવલભાઈ જયંતીભાઈ પટેલ મુંબઈના સહકારથી શક્કરપુર લેવા પાટીદાર વિદ્યોતેજક મંડળ એકડા પંચ દ્વારા વાંસદા ખાતે નોટબુક, સ્કૂલબેગ તથા બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં વાંસદા પાટીદાર સમાજના ભૂપેન્દ્ર પટેલ, જયદીપ પટેલ, મહેશ પટેલ, હિરેન પટેલ, તથા સમાજનું મહિલા મંડળ હાજર રહ્યું હતું અને તમામ બાળકો ને નોટબુક અને સ્કૂલ બેગ વિતરણ કર્યું હતું. અંતે સમાજ ના લોકોએ તમામ દાતાના આભાર વ્યક્ત કર્યો હતો.

## નવસારીમાં મોબાઇલ મેડિકલ યુનિટનું એક વર્ષ પુર્ણ થતાં ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૪ :** નવસારી જિલ્લામાં EMRI ગ્રીન હેલ્થ સર્વિસ અને ગુજરાત સરકાર દ્વારા સંચાલિત મોબાઈલ મેડિકલ યુનિટ (PVTG)ને તા. ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું. આ અવસરે કર્મચારીઓએ કેક કાપીને વર્ષગાંઠની ઉજવણી કરી હતી.

આ કાર્યક્રમમાં MHUના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર ડૉ. શીતલ વસાવા, મોબાઈલ મેડિકલ યુનિટના મેડિકલ ઓફિસર ડૉ. પ્રિયંકા તેમજ અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત તમામ કર્મચારીઓએ યોજનાની સફળ કામગીરી બદલ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી.

મોબાઈલ મેડિકલ યુનિટ (PVTG) યોજના હેઠળ નવસારી જિલ્લાના અંતરિયાળ અને વંચિત વિસ્તારોમાં વસતા આદિવાસી સમુદાય સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવે છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને તેમના વિસ્તાર સુધી પહોંચી નિઃશુલ્ક આરોગ્ય તપાસ, સારવાર, લેબોરેટરી ટેસ્ટ તેમજ જરૂરી દવાઓ પૂરી પાડવામાં આવે છે.

ગત એક વર્ષ દરમિયાન આ યોજના હેઠળ કુલ ૩૦,૬૪૯ લાભાર્થીઓને વિવિધ પ્રકારની આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે. ઉપરાંત હિમોગ્લોબિન, બ્લડ શુગર, મેલેરિયા, પ્રેગ્નન્સી ટેસ્ટ, યુરિન રિપોર્ટ સહિતના વિવિધ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવે છે.

જરૂરિયાત મુજબની દવાઓ અને આરોગ્ય સંબંધિત માર્ગદર્શન પણ નિઃશુલ્ક આપવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન કર્મચારીઓએ યોજનાની સફળ કામગીરી માટે ગૌરવ વ્યક્ત કર્યું હતું અને આગામી સમયમાં પણ વધુ સમર્પણ, નિષ્ઠા અને અસરકારકતા સાથે સમાજના અંતિમ વ્યક્તિ સુધી ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### ચીખલીમાં એકમાત્ર સ્ટેટ બેંકમાં એટીએમની જેમ કોઈન વેન્ડીંગ મશીન (સીવીએમ) ઉપલબ્ધ

## ચીખલી સ્ટેટ બેંકનાં સીવીએમમાં ચલણી નોટ અને સિક્કાની અછતથી નાના ધંધાવાળા પરેશાન!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૧૪ :** આજના ઝડપી આધુનિક અને ડિજીટલ યુગમાં વિવિધ ચૂકવણી નવીન પદ્ધતિઓથી થાય છે, ઘણું બધું ઓનલાઈન થઈ રહ્યું છે, એટલે સામાન્ય નાગરિક, નાના વેપારી, ટોપલા, લારી ગલ્લાવાળાને રોજબરોજના વ્યવહારમાં છુટા પૈસા, નાની ચલણી નોટની મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે, પરચૂરણ- સિક્કા નોટની અછત ! શાકભાજી લેવા, રિક્ષા ભાડું ચૂકવવા કે કરિયાણાની દુકાને, રૂા.૧, ૨, ૫ કે ૧૦ના સિક્કાની જરૂર પડે છે. પરંતુ પર્યાપ્ત માત્રામાં ચલણી સિક્કા નોટ મળતી નહી હોવાની રાવ નાગરિક વેપારીઓમાંથી નાના ગામડાથી મોટા શહેર સુધી ઊઠી છે.

ખેરગામ ચીખલી તાલુકામાં એકમાત્ર ચીખલી સ્ટેટ બેંકમા એટીએમની જેમ કોઈન વેન્ડીંગ મશીન (સીવીએમ) છે, પરંતુ તેમાં ઘણીવાર સિક્કાનો પુરવઠો ન હોય અછત સર્જાય છે, સિક્કા વગર પરત થવું પડે છે. રૂપિયા એકથી ૨૦ સુધીની ચલણી નોટો ઘણા વર્ષોથી ગાયબ થઈ ગઈ છે અને જે હાલમાં ચલણમાં ફરે છે તેની હાલત પણ તદ્દન ખરાબ થયેલ છે જેથી ફાટેલી ચૂથાયેલી નોટ નજીકની બેંકમાં જમા કરાવવી અને તેના બદલે અન્ય નોટ મેળવી લેવી, જાતે ટેપ લગાવી સુધારવાના બદલે બેંકને સોપવી જે ખાસ ટેપથી જરૂરી સુધારો કરશે નહીં તો ચલણમાંથી પરત ખેંચી લેશે.

એસટી નિગમે ઈ ટિકિટિંગમાં સ્કેન કરી જીપેનું અમલીકરણ કરતા બસ ભાડામાં કંડકટર અને મુસાફરો વચ્ચે જો મોબાઈલ હોય તો હવે રકઝક થતી નથી. રિઝર્વ બેંક દરેક તાલુકા મથકે સિક્કા અને નાની નોટના પુરવઠા માટે ગોઠવણ કરે તેવી લોકમાંગ છે.

## ગણદેવી પાલિકાની સ્વચ્છ ભારત મિશનના ડે. મિશન ડાયરેક્ટરે મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૪ :** સ્વચ્છ ભારત મિશન-અર્બન અંતર્ગત રાજ્યસ્તરીય કામગીરીની સમીક્ષા માટે માનનીય ડેપ્યુટી મિશન ડાયરેક્ટર વિજય પરીખે શુક્રવારે ગણદેવી નગરપાલિકાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે નગરપાલિકાની સ્વચ્છતા અને ઘન કચરા વ્યવસ્થાપન સંબંધિત વિવિધ કામગીરીનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું.

મુલાકાત દરમિયાન ડેપ્યુટી મિશન ડાયરેક્ટરે નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રાચી દોશી તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં સ્વચ્છતા અભિયાન હેઠળ કરવામાં આવતી કામગીરી, મેદાનમાં આવતી મુશ્કેલીઓ તેમજ કામગીરીને વધુ અસરકારક અને સુદ્રઢ બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપી કામગીરીમાં ગુણવત્તા અને કાર્યક્ષમતા વધારવા સૂચનો કર્યા હતાં. ત્યારબાદ નગરપાલિકા દ્વારા ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ માટે ઉપયોગમાં લેવાતા વાહનોનું ફિલ્ડ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કચરા સંગ્રહની પ્રક્રિયા, નાગરિકોની ભાગીદારી અને સ્વચ્છતા જાળવવા માટે અપનાવવામાં આવતી પદ્ધતિઓ અંગે પણ માહિતી મેળવી હતી.

વિજય પરીખે નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન અંતર્ગત વિકસાવવામાં આવેલા આઇકોનિક રોડની પણ મુલાકાત લીધી હતી અને ત્યાં કરવામાં આવેલી સ્વચ્છતા તથા સૌંદર્યીકરણની કામગીરીનું અવલોકન કર્યું હતું. ઉપરાંત નગરપાલિકાના ઘન કચરા પ્રોસેસિંગ પ્લાન્ટની મુલાકાત લઈ કચરાના વૈજ્ઞાનિક નિકાલ અને પ્રોસેસિંગની પ્રક્રિયાની સમીક્ષા કરી હતી. મુલાકાતના અંતે તેમણે ગણદેવી નગરપાલિકા દ્વારા કરવામાં આવતી સ્વચ્છતા સંબંધિત કામગીરીની પ્રશંસા કરી હતી તેમજ ભવિષ્યમાં વધુ અસરકારક કામગીરી માટે અધિકારીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. આ મુલાકાતથી નગરપાલિકાની સ્વચ્છતા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે માર્ગદર્શન અને નવી દિશા પ્રાપ્ત થઈ હોવાનું મનાઈ રહ્યું છે.

## ગણદેવીમાં પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત પાંચ ટ્રાન્સફોર્મર બદલાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૪ :** દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા ગણદેવી શહેરમાં પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત શનિવારે વિવિધ વિસ્તારોમાં પાંચ નવા વીજ ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીને કારણે શહેરના અનેક વિસ્તારોમાં દિવસભર વીજ પુરવઠો ખોરવાતા લોકો ભારે ગરમી વચ્ચે પરેશાન બન્યા હતાં.

મળતી માહિતી મુજબ ઘાંચીવાડ, અવસર વિલા-૧, અવસર વિલા-૨, પશુ દવાખાના વિસ્તાર તેમજ ધનોરી નાકા વિસ્તારમાં કુલ પાંચ નવા ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવામાં આવ્યા હતા. વીજ કંપનીના જણાવ્યા અનુસાર આ કામગીરીથી આગામી ચોમાસા દરમિયાન વીજ પુરવઠો વધુ સુદ્રઢ બનશે તેમજ વધતી વીજ માંગને ધ્યાનમાં રાખીને ટ્રાન્સફોર્મરો પરનો લોડ પણ ઘટશે. કામગીરી દરમિયાન અવસર વિલા-૧ અને ૨, ઈન્દિરા આવાસ, વૃંદાવન સોસાયટી, તેલુગુ ફળિયા, માકલા ફળીયા, વિજયબાગ, કોશીટ ફળિયા, ખત્રીવાડ, ગોલવાડ, ઉગમણા સ્ટ્રીટ, ધોબીવાડ, અપ્સરા સ્ટ્રીટ, પઠાણવાડ, કળીયાવાડ, કાલુવાડ, જમાદારવાડ, તાઈવાડ, કાંજીવાડ, લક્ષ્મીપાર્ક, પંડ્યા સ્ટ્રીટ, પટેલ સ્ટ્રીટ, સિનેમા રોડ, ઘાંચીવાડ, શાંતિનિકેતન, ભાત મોહલ્લો, કમાલ ફળિયા, ઓમ રેસિડેન્સી, ગોકુળધામ, નવું પોલીસ સ્ટેશન વિસ્તાર, વિશ્રામગૃહ, મીરાપાર્ક, ગાયત્રી સોસાયટી, ખુશી હાઈટ્સ, હરિજનવાસ, ધનોરી ચોકડી, સંસ્કારધામ તથા રહેજ ગામના બળિયાદેવ વિસ્તાર સહિતના વિસ્તારોમાં વીજળી બંધ રહી હતી.દિવસભર વીજ પુરવઠો ખોરવાતા રહેવાસીઓને ભારે ગરમીનો સામનો કરવો પડ્યો હતો. જોકે વીજ કંપની દ્વારા હાથ ધરાયેલી આ પ્રિ-મોન્સૂન કામગીરીના પરિણામે આગામી ચોમાસા દરમિયાન વીજ પુરવઠાની સમસ્યામાં રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### નવસારીમાં પોસ્ટ ખાતાની ડાક, પેન્શન અને એન.પી.એસ. અદાલત યોજાશે

**નવસારી, તા. ૧૪ :** સિનીયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, નવસારી ડિવિઝન દ્વારા તા. ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે પોસ્ટ ખાતાની ડાક, પેન્શન તથા એન.પી.એસ. (નેશનલ પેન્શન સિસ્ટમ) અદાલત યોજવામાં આવશે. આ અદાલતમાં ટપાલ સેવાઓ સંબંધિત એક જ વિષયને સ્પર્શતી ફરિયાદો રજૂ કરી શકાશે. જોકે, ટપાલ ખાતાના નીતિ-વિષયક મુદ્દાઓ સંબંધિત ફરિયાદોનો સમાવેશ કરવામાં આવશે નહીં.

## ડાંગનાં ભાજપા નેતા હરીશ બચ્છાવ પાર્ટીમાંથી સસ્પેન્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૪ :** ડાંગ જિલ્લા ભાજપાનાં પૂર્વ જિલ્લા સભ્ય તથા જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના પૂર્વ અધ્યક્ષ હરીશભાઈ બચ્છાવને પક્ષવિરોધી પ્રવૃત્તિઓ અને ગેરશિસ્તના આક્ષેપોને પગલે ભારતીય જનતા પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવતા ડાંગ જિલ્લાનાં રાજકારણમાં ભારે ચર્ચા અને ગરમાવો જોવા મળી રહ્યો છે. હરીશભાઈ બચ્છાવ સતત બે ટર્મ સુધી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતાં. ઉપરાંત, જિલ્લા પંચાયતની ખેતીવાડી અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ તરીકે પણ તેમણે જવાબદારી નિભાવી હતી. હાલમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આહવા-૨ જિલ્લા પંચાયતની બેઠક પર તેઓનાં પરિવારનાં સભ્ય શ્રદ્ધાબેન તુષારભાઈ ખરેને જંગી મતો સાથે જીત અપાવી પોતાની મજબૂત પક્કડ બતાવી હતી. ભાજપના આ નિર્ણય બાદ ડાંગ જિલ્લાનાં રાજકીય સમીકરણોમાં ફેરફાર થવાની શક્યતાઓ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

## ચીખલીમાં જનકલ્યાણ શિબિર યોજાઈ



**નવસારી, તા. ૧૪ :** દેશના વડાપ્રધાનના નેતૃત્વમાં '૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત નવસારી જિલ્લાના ચીખલી ગ્રામ પંચાયત ખાતે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જનકલ્યાણ શિબિરનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી વિવિધ સરકારી સેવાઓનો લાભ મેળવ્યો હતો. તંત્ર દ્વારા વધુમાં વધુ નાગરિકોને આવી જનકલ્યાણ શિબિરોનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગના કાર્યક્રમમાં હોદ્દો ન હોવા છતાં સ્ટેજ ઉપર બિરાજમાન થતાં વિવાદ

### જાણીતા પર્વતારોહકે પ્રભારી મંત્રીને ફરિયાદ કરી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૪ :** ડાંગ જિલ્લામાં સરકારી કાર્યક્રમોમાં પ્રોટોકોલનાં જાળવણીને લઈને ફરી એકવાર મોટો વિવાદ સામે આવ્યો છે. ડાંગ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ કાર્યક્રમમાં -નેટોકલનાં નામે ધજાગરા ઉડ્યા હતા.ડાંગ દરબાર હોલ ખાતે યોજાયેલ 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' દરમિયાન ડાંગ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ નિર્મળાબેન ગાઈનના પતિ સુભાષભાઈ ગાઈન દ્વારા પ્રોટોકોલનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવતા સ્થાનિક રાજકારણમાં ભારે કચવાટ અને ગણગણાટ શરૂ થયો છે.

દેશ માટે આટલી મોટી સિદ્ધિ મેળવનાર રમતવીર પ્રત્યેની આ ઉપેક્ષા અને બિનઅધિકૃત વ્યક્તિના વટને જોઈને કાર્યક્રમમાં હાજર લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આ સમગ્ર પ્રોટોકોલ ભંગની ઘટનાથી વ્યથિત થઈને પર્વતારોહક ભોવાનભાઈ રાઠોડે તાત્કાલિક ધોરણે આ અંગે ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી જયરામભાઈ ગામીતને રજૂઆત કરીને કડક શબ્દોમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે સત્તાવાર કાર્યક્રમોમાં પ્રોટોકોલના થઈ રહેલા સરેઆમ ભંગ સામે ઉગ્ર નારાજગી વ્યક્ત કરી છે. બીજી તરફ, આ ઘટનાને પગલે ડાંગ જિલ્લાના રાજકીય વિશ્લેષકો અને સ્થાનિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. પરંતુ તેમના માથેથી સત્તાનો નશો હજુ સુધી ઉતર્યો નથી. ભૂતકાળની સત્તાના જોરે સરકારી પ્રોટોકોલનો ભંગ કરવાની આ માનસિકતા સામે હવે સ્થાનિક સ્તરે ભારે રોષ ફાટી નીકળ્યો છે અને આગામી દિવસોમાં આ મામલો વધુ ગરમાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

## નવસારીમાં ખાતર પ્રિ-બુકિંગ પાયલોટ પ્રોજેક્ટનો આજથી પ્રારંભ

**નવસારી, તા.૧૪ :** ખાતર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક, સુવ્યવસ્થિત અને ખેડૂતલક્ષી બનાવવા ભારત સરકાર દ્વારા ફ્રેમ વર્ક ફોર ફર્ટીલાઈઝર સેલ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ માટે ગુજરાત રાજ્યમાં નવસારી જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. તા. ૧૫ જૂન, ૨૦૨૬થી શરૂ થનારી આ વ્યવસ્થામાં ખેડૂતો અગાઉથી ખાતરનું પ્રિ-બુકિંગ કરી શકશે. જેના કારણે ખાતરની માંગ અને ઉપલબ્ધતા અંગે રિયલ ટાઈમ માહિતી ઉપલબ્ધ બનશે તેમજ વિતરણ વ્યવસ્થામાં વધુ કાર્યક્ષમતા આવશે. આ ડિજિટલ પહેલથી ખાતર વેચાણ પ્રક્રિયામાં પારદર્શિતા વધશે, ખેડૂતોનો સમય બચશે અને ખાતર મેળવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે. જિલ્લાના ખાતર વિક્રેતાઓ અને સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુ માહિતી માટે ખેડૂતો નજીકની કૃષિ કચેરીનો સંપર્ક કરી શકે છે અથવા જિલ્લા કક્ષાના હેલ્પડેસ્ક/કન્ટ્રોલ રૂમ નંબર (૦૨૬૩૭) ૨૫૮૮૫૧ પર સંપર્ક કરી શકાશે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૫-૦૬-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** જેઠ, એકમ **સૂર્યોદય :** ૦૫ : ૫૭ **સૂર્યાસ્ત** ૦૭ :૨૨, **ચંદ્રોદય** - ૦૫:૪૦ **ચંદ્રાસ્ત** - ૦૮:૦૧ **ચંદ્ર રાશિ :** મિથુન, **નક્ષત્ર** - મૃગશીર્ષ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને પરિવારનો સહયોગ મળશે. કોઈ ખાસ વ્યક્તિ તમને લાભદાયક સલાહ આપી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે સ્વાસ્થ્ય બાબતે વિશેષ કાળજી રાખવી. ઉર્જાનો અભાવ રહી શકે છે અને માનસિક થાક અનુભવાય.

**મિથુન(ક.છ.ઘ) :** આત્મવિશ્વાસમાં વધારો થશે. અટકેલા કાર્યો પૂરા થશે અને નવી યોજનાઓ પર કામ કરવાની તક મળશે.

**કર્ક(ડ.હ) :** પારિવારિક કાર્યક્રમ પાછળ ખર્ચ વધી શકે છે. રોમાંચક પ્રવૃત્તિઓમાં મન લાગશે, પરંતુ બજેટનું ધ્યાન રાખવું.

**સિંહ(મ.ટ.) :** દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. સ્વાસ્થ્યને લઈને સાવધાની રાખવી અને પોતાના વિચારો કોઈ ભરોસાપાત્ર વ્યક્તિ સાથે જ શેર કરવા.

**કન્યા(પ.ઠ.ણ.) :** નાણાકીય નુકસાનથી બચવું. કોઈને પૈસા ઉધાર ન આપવા અને આર્થિક બાબતોમાં સાવધાની રાખવી.

**તુલા (ર.ત.) :** વાણી પર સંયમ રાખવો. અજાણતા બોલાયેલા શબ્દોથી તણાવ પેદા થઈ શકે છે, તેથી સમજી વિચારીને વાત કરવી.

**વૃશ્ચિક(ન.ય.) :** મનમાં સકારાત્મક વિચારો રાખવા. કાર્યસ્થળ પર પ્રગતિ થશે અને અટકેલા નાણાં પરત મળી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** મિત્રની મદદથી કોઈ ખાસ વ્યક્તિનો પરિચય થશે, જે તમારી વિચારસરણી અને કારકિર્દી પર સકારાત્મક અસર કરશે.

**મકર(જ.ખ) :** તમારા આહાર અને દિનચર્યા પર વિશેષ ધ્યાન આપવું. દિવસ મધ્યમ ફળદાયી રહેશે.

**કુંભ(ગ.શ.સ.) :** નકામા ખર્ચાઓ પર કાબૂ રાખવો અને ખિસ્સાનું ધ્યાન રાખવું. ખરાબ મૂડને સંબંધો પર હાવી ન થવા દેવો.

**મીન(દ.ચ.ઝ.થ) :** આર્થિક લાભના યોગ બનશે. રચનાત્મક કાર્યોમાં રુચિ વધશે અને સામાજિક માન-સન્માન પ્રાપ્ત થશે.

## દમણ રેડિયો

**102.3 FM**

आकाशवाणी

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

### સુડોકુ નં.૬૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 1 | | | | | 5 | |
| | | 4 | | 3 | | 6 | | |
| | | | 9 | 7 | | | | |
| | 8 | | 7 | | | 3 | 2 | |
| | | 7 | 5 | | 6 | 9 | | |
| | 2 | 6 | | | 9 | | 7 | |
| | | | | 4 | 2 | | | |
| | | 9 | | 5 | | 7 | | |
| | 1 | | | | | 8 | 4 | 2 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેકબોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૦૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 8 | 2 | 9 | 7 | 5 | 3 | 4 |
| 2 | 7 | 5 | 1 | 4 | 3 | 6 | 8 | 9 |
| 3 | 4 | 9 | 8 | 5 | 6 | 7 | 1 | 2 |
| 8 | 2 | 4 | 3 | 1 | 5 | 9 | 6 | 7 |
| 6 | 5 | 3 | 7 | 8 | 9 | 4 | 2 | 1 |
| 9 | 1 | 7 | 6 | 2 | 4 | 3 | 5 | 8 |
| 4 | 3 | 2 | 9 | 6 | 1 | 8 | 7 | 5 |
| 7 | 9 | 1 | 5 | 3 | 8 | 2 | 4 | 6 |
| 5 | 8 | 6 | 4 | 7 | 2 | 1 | 9 | 3 |

સાંસદ ધવલભાઈ પટેલે લીલી ઝંડી બતાવી ટ્રેન રવાના કરી

# ઉમરગામ રેલવે સ્ટેશને 'ફલાઈંગ રાણી ટ્રેન'ને સ્ટોપેજ મળ્યું

## ઉમરગામ-સરીગામ-વાપી દેશનું આગામી વિકાસ કેન્દ્ર બનશે, છ સ્તરીય કનેક્ટિવિટીથી વિસ્તારને નવી ઓળખ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૪ :** ઉમરગામ તાલુકામાં યુવા સાંસદ ધવલભાઈ પટેલના ટૂંકા કાર્યકાળ દરમિયાન રેલ્વે વિભાગમાં ચાર દાયકા કરતાં વધુ સમયથી સ્થાનિક રહીશ અને યાત્રીઓ દ્વારા જે માંગ થઈ રહી હતી તે પૈકી મોટાભાગની રજૂઆતો સફળ રહી છે અને મહત્વની ટ્રેનોને સ્ટોપેજ ફળવાયુ છે. ઉમરગામ ખાતે ફલાઈંગ રાણી ટ્રેનને સ્ટોપેજ ફળવાતા સાંસદ ધવલભાઈ પટેલ, ધારાસભ્ય રમણભાઈ પાટકર, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, યુઆઈએ પ્રમુખ અશોકભાઈ ગુપ્તા, ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, સેક્રેટરી શ્યામભાઈ વિઝન, ટ્રેઝરર રત્નેશ્વરભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. ટ્રેનના સ્ટોપેજ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં ધવલભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જેમાં તેઓએ જણાવ્યું હતું કે ઉમરગામ, સરીગામ અને વાપી વિસ્તારનો આગામી વર્ષોમાં અભૂતપૂર્વ વિકાસ થવાનો છે. આજે જેમ દેશભરમાં ગિફ્ટ સિટી, ધોલેરા, નોઈડા અને બેંગલુરુ જેવા વિકાસ મોડેલોની ચર્ચા થાય છે, તેવી જ રીતે આ વિસ્તાર પણ ઉદ્યોગ, વેપાર અને રોકાણનું મહત્વનું કેન્દ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

આ વિસ્તારને એકસાથે છ પ્રકારની આધુનિક કનેક્ટિવિટી મળવાની છે, જે દેશના બહુ ઓછા વિસ્તારોને ઉપલબ્ધ છે. સૌ-થમ, અહીં પ્રસ્તાવિત કોસ્ટલ હાઈવે વિસ્તારને દરિયા કાંઠાના વિસ્તારો સાથે જોડશે. બીજું, મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે (NH-48) પહેલેથી જ આ વિસ્તારની મજબૂત માર્ગ વ્યવસ્થાનું આધારસ્તંભ છે. ત્રીજું અને અત્યંત મહત્વપૂર્ણ, મુંબઈ-અમદાવાદ એક્સપ્રેસવેનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. નવસારી સુધીનો ભાગ પૂર્ણ થઈ ગયો છે.

અને મહારાષ્ટ્રનો સેક્શન પણ તૈયાર થઈ ગયો છે. ખારેલથી મહારાષ્ટ્ર બોર્ડર સુધીનો બાકી ભાગ આગામી બે વર્ષમાં પૂર્ણ થવાની આશા છે. ત્યારબાદ પાલઘરથી વિરારનું અંતર માત્ર ૧૫ મિનિટમાં કાપી શકાશે.

ચોથું રેલવે ક્ષેત્રે સતત નવી ટ્રેનોના સ્ટોપેજ અને અન્ય સુવિધાઓમાં વધારો કરવામાં આવી રહ્યો છે.

જેના કારણે રેલ કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. પાંચમું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તાજેતરમાં દમણ એરપોર્ટ શરૂ થતાં આ વિસ્તારને હવાઈ કનેક્ટિવિટીનો પણ સીધો લાભ મળવા લાગ્યો છે.

છઠ્ઠું અને સૌથી મહત્વપૂર્ણ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પણ આ વિસ્તાર માટે ગેમ ચેન્જર સાબિત થવાનો છે. વાપી બુલેટ ટ્રેન કોરિડોરનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે, જેના કારણે વિસ્તારની ઓળખ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બનશે.

આ ઉપરાંત મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં વિકસિત થઈ રહેલું વઢવણ પોર્ટ એશિયાનાં સૌથી મોટા બંદરોમાંનું એક બનવાનું છે. તેની નજીક હોવાને કારણે ઉમરગામ, સરીગામ અને વાપીના ઉદ્યોગો તથા વેપારિક પ્રવૃત્તિઓને વિશાળ લાભ મળશે.આ તમામ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ ઉમરગામ, સરીગામ અને વાપી વિસ્તાર રોકાણ, રોજગારી, ઉદ્યોગ, વેપાર અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે દેશના અગ્રણી વિકાસ કેન્દ્રોમાં સ્થાન મેળવશે. છ સ્તરીય કનેક્ટિવિટી ધરાવતો આ વિસ્તાર ભવિષ્યમાં દેશના સૌથી ઝડપી વિકાસ પામતા પ્રદેશોમાં સામેલ થશે.

# નામધા- ચંડોર પંથકમાં જંગલી ડુક્કર અને રખડતાં પશુઓથી ખેડૂતો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** નામધા ચંડોર વિસ્તારમાં જંગલી ડુક્કર અને રખડતા પશુઓને લઈ સ્થાનિક લોકો તેમજ ખેડૂતો પરેશાન બન્યા છે આ રખડતા ડુક્કર અને પશુઓને લઈ ખેતરમાં પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી નજીકના નામધા ચંડોર ગામે છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોર અને ડુક્કરને લઈ ગામમાં રાત્રિ દરમિયાન રસ્તા ઉપરથી પસાર થતા રાહદારીઓ તેમજ વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે સાથે અંધારાને લઈ અકસ્માતની પણ શક્યતા રહેલી છે. સાથે આ રખડતા પશુઓ અને ડુક્કર ને લઈ ખેતરમાં ઉભો પાક તેમજ હાલમાં જ વરસાદની સિઝન શરૂ થાય તે પહેલા ખેડૂતોએ પોતાના ખેતરમાં તૈયાર કરેલા વાવણી લાયક ખેતરમાં પણ ભારે નુકસાન કરી રહ્યા છે જે અંગે તાત્કાલિક વાપી મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ તેમજ આ વોર્ડ નંબર ૮ ના નવા ચૂંટાયેલા પાલિકાના સભ્યો દ્વારા તાત્કાલિક સ્થાનિક લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં આવે તે અંગેની વ્યવસ્થા કરવાની માંગ કરાઈ રહી છે જોકે હાલમાં આ રખડતા પશુઓ નજીકના વિસ્તારમાં રહેતા પશુપાલકોના જ હોવાનું બહાર આવી રહ્યું છે. જે અંગે પશુઓની ઓળખ કરી તેમની સામે દંડની કાર્યવાહી કરવામાં આવે તો જ આ રખડતા પશુઓ ના ત્રાસથી ગામ લોકોને છુટકારો મળે એમ છે.

# કચીગામની નવી સરકારી શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૪ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવની સરકારી શાળાઓમાં શાળા પ્રવેશ સમારોહ ઉત્સાહ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો. મુખ્ય કાર્યક્રમ દમણના કાચીગામમાં નવી બનેલી ગૌતમ બુદ્ધ શાળામાં યોજાયો હતો, જ્યાં નવા વિદ્યાર્થીઓનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાજ્યના પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં સંતોષ મીણા મુખ્ય મહેમાન હતા. તેમની સાથે શિક્ષણ સચિવ અરુણ ટી., સચિવ પી.આર. વિવેક કુમાર અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓને શાળા ગણવેશ, સ્કૂલ બેગ અને અન્ય શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. મહેમાનોએ નોંધ્યું હતું કે આવા સન્માન વિદ્યાર્થીઓને પ્રગતિ કરવા અને વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપે છે.

ડીઆઈજી સંતોષ મીણાએ પોતાના સંબોધનમાં શિક્ષણના મહત્વ પર પ્રકાશ પાડ્યો અને વિદ્યાર્થીઓને શિસ્ત, નેતૃત્વ કૌશલ્ય અને જીવન મૂલ્યો અપનાવવા પ્રોત્સાહિત કર્યા. તેમણે કહ્યું કે સફળતા માટે કોઈ શોર્ટકટ નથી; ફક્ત સતત મહેનત, સમર્પણ અને સકારાત્મક વિચારસરણી જ ધ્યેય તરફ દોરી શકે છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ પટેલ, ઉપપ્રમુખ રીના પટેલ, કછીગામ સરપંચ ફાલ્ગુની પટેલ, જનપ્રતિનિધિઓ, વાલીઓ અને મોટી સંખ્યામાં શિક્ષકો હાજર રહ્યા હતા.

કાર્યક્રમના સમાપન સમયે, મહેમાનોએ ગૌતમ બુદ્ધ વિદ્યાલયના નવા વર્ગખંડોની મુલાકાત લીધી અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો. આધુનિક સુવિધાઓથી સજ્જ આ શાળાને વિસ્તારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

શાળા પ્રવેશ સમારોહ દ્વારા બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ વધારવા, તેમને શાળા સાથે જોડવા અને ઉજ્જવળ ભવિષ્ય તરફ પ્રેરિત કરવાનો સંદેશ આપવામાં આવ્યો.

# પારડીમાં બ્રહ્મકુમારીઝ દ્વારા 'વોક ફોર પીસ એન્ડ યોગા' યાત્રા યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** કિલ્લાપારડીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત વોક ફોર પીસ એન્ડ યોગા યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહીને યોગ જાગૃતિ માટે રેલી કાઢી હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષ્યમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કીલ્લા પારડી દ્વારા વોક ફોર પીસ એન્ડ યોગા શાંતિ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં શાંતિ, સ્વાસ્થ્ય, યોગ અને સંસ્કારોનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો હતો. આજે સવારે ૭:૦૦ વાગ્યે બ્રહ્માકુમારી કેન્દ્રથી યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સફેદ વસ્ત્રોમાં સજ્જ બ્રહ્માકુમાર-કુમારીઓ, વિવિધ યોગ ગ્રુપના સભ્યો તથા નગરજનો ઉત્સાહપૂર્વક યાત્રામાં જોડાયા હતા. યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ લોકોને યોગ, ધ્યાન અને આંતરિક શાંતિનું મહત્વ સમજાવતી રહી હતી. કાર્યક્રમ દરમિયાન કિલ્લાપારડી સેવાકેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી પારુલબેને જણાવ્યું કે આજના તણાવભર્યા જીવનમાં યોગ અને રાજયોગ ધ્યાન માનસિક શાંતિ, સ્વાસ્થ્ય અને સકારાત્મક જીવનશૈલી માટે અત્યંત જરૂરી છે. યોગ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ સુપ્રીમ સોલ પરમાત્મા સાથેનું સરલ કનેકશન છે. રાજયોગ એ જીવન જીવવાની કળા છે અને આત્મિક શક્તિ અને આંતરિક સુખનો આધાર છે. તેમણે સૌને દૈનિક જીવનમાં યોગ અને ધ્યાન અપનાવવાનો સંદેશ આપ્યો હતો.

યાત્રાના અંતે સર્વે ઉપસ્થિતોને વિશ્વશાંતિ, સુખ અને સમૃદ્ધિ માટે સંકલ્પ કરાવવામાં આવ્યો હતો સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કિલ્લા પારડી શાંતિ સ્વાસ્થ્ય યોગ સંસ્કાર વિશે જાણતામાં જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. આજે યોજવામાં આવેલ કાર્યક્રમો થકી જાહેર જનતામાં જાગૃતિ આવી હતી અને લોકો આ રેલીમાં વિશાળ સંખ્યામાં જોડાયા હતાં.

# વાપી કુમારશાળા ગ્રાઉન્ડમાં હેન્ડબોલ લીગ-૪ ટુર્ના. રમાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી મહાનગરપાલિકા કચેરી સ્થિત કુમારશાળા ગ્રાઉન્ડ ખાતે પ્રથમ વખત હેન્ડબોલ લીગ ૪.૦ રમતોત્સવમાં ભારે ઉત્સાહ સાથે સ્પર્ધાયોજાઈ હતી. જ્યાં મોડી રાત સુધી ચાલેલી મેચોએ દર્શકોને રોમાંચિત કરી દીધા હતા.

આ પ્રસંગે વલસાડ-ડાંગ સાંસદ ધવલ પટેલે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ખેલાડીઓ સાથે સંવાદ કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમમાં વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત ભાઈ કંસારા તેમજ અગ્રણીઓ સિપ્લેશ દેસાઈ સહિત અનેક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ટુર્નામેન્ટ દરમિયાન વિવિધ ટીમોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી દર્શકોનું દિલ જીતી લીધું હતું. મોટી સંખ્યામાં દર્શકો હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહન આપતા જોવા મળ્યા હતા.

રમતગમત યુવાનોમાં શિસ્ત, ટીમવર્ક, આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણો વિકસાવે છે. આ ટુર્નામેન્ટમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તમામ તમામ ખેલાડીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને આગામી સમયમાં વધુ મોટી સ્પર્ધાઓ યોજવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# વાપીમાં યોગ દિવસની તૈયારી માટે તાલીમ વર્ગ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** પરમ પુજ્ય સ્વામી રામદેવ જી મહારાજ તથા આચાર્ય બાલકૃષ્ણ જી ની પ્રેરણા થી ડૉ એ પી જે અબ્દુલ કલામ હોલ વાપી જીલ્લા વલસાડ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સારી રીતે અને આયુષ મંત્રાલય ના અભ્યાસક્રમ પ્રમાણે દરેક યોગ શિક્ષકમાં એકતા જળવાય રહે તે માટે એક સપ્તાહ માટે પતંજલિ યોગ અને ભારત સ્વાભિમાન ટ્રસ્ટ, કિશાન સેવા સમિતિ, યુવા ભારત યોગ સમિતિ, મહિલા સમિતિ દ્વારા થઈ રહ્યું છે. વાપી મહાનગર પાલિકા માં પતંજલિ યોગ પીઠ દ્વારા તાલીમ પામેલ ૫૦ જેટલા યોગ શિક્ષક મિત્રો છે જેવો વાપી ના વિવિધ વિસ્તારોમાં યોગ કરાવશે. એમને તાલીમ ગોપાલભાઈ મહેતા, ધર્મેશભાઈ રંગપરિયા, રમેશભાઈ ધોન્ડે અને ભારત સ્વાભિમાન ટ્રસ્ટ ના જિલ્લા પ્રમુખ કમલેશ બી પત્રેકર આપી રહ્યા છે. વાપીના પૂર્વ ભાગમાં પતંજલિ યોગ સમિતિ દ્વારા ગોકુલ વિહાર હેલ્થ સેન્ટર નેશનલ હાઈવે નંબર ૪૮ની બાજુમાં પતંજલિ યોગ પીઠ વલસાડ જિલ્લા પ્રમુખ બિપીનભાઈ (રાજુભાઈ) ભલાણી તેમજ એમના સહયોગી મિત્ર દ્વારા આપી રહ્યા છે.

# વલસાડમાં સ્પેશિયલ સેલની બેઠક મળી

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના અમલીકરણ માટે જાણકારી અપાઈ

(દમણગંગા ટાઈમ્સ )

**વલસાડ, તા. ૧૪ :** સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના અમલીકરણની સ્પેશિયલ સેલની બેઠક વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ તથા કલેકટર નીતિન સાંગવાનના અધ્યક્ષાપણા હેઠળ કલેકટર કચેરીના સભાખંડમાં મળી હતી. આ મીટિંગમાં વલસાડ જિલ્લા વિકાસ અધિકારી, તમામ તાલુકા વિકાસ અધિકારીઓ, તમામ ચીફ ઓફિસરઓ હાજર રહ્યા હતા. સ્પેશિયલ સેલના સભ્ય સચિવશ્રી દ્વારા સુપ્રીમ કોર્ટના હુકમના અમલીકરણ માટે તમામ સ્પેશિયલ સેલના હાજર અધિકારીઓને અમલવારી બાબતે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ સંદર્ભે સભ્ય સચિવશ્રી દ્વારા અસરકારક અમલીકરણ માટે સંબંધિત અધિકારીઓને નિયમોના અમલીકરણ તેમજ ડમ્પીંગ સાઈટ મોનિટરિંગ બાબતે સુનિશ્ચિત કર્યા હતા.

સ્પેશ્યલ સેલના અધ્યક્ષશ્રી દ્વારા બલ્ક વેસ્ટ જનરેટર આઈડેન્ટિફિકેશન તેમજ રિપોંટિંગ રજૂ કરવા બાબતે તમામ સભ્યોને તાકીદ કરવામાં આવી હતી, જેથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના નિયમનું અસરકારક રીતે અમલીકરણ કરી શકાય.


# નરોલી ગ્રા.પં.માં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ





(દમણંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૪ :** દાદરા અને નગર હવેલી જિલ્લામાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે વિશેષ સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અભિયાનના ભાગરૂપે નરોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં જનપ્રતિનિધિઓ, પંચાયત સભ્યો, સરકારી અધિકારીઓ તેમજ સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી.ઝુંબેશ દરમિયાન મુખ્ય માર્ગો, બસ સ્ટેન્ડ, બજાર વિસ્તાર, જાહેર સ્થળો તેમજ નાળા-ગટરોની વ્યાપક સફાઈ કરવામાં આવી હતી. જનપ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે સ્વચ્છતા માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની સામૂહિક ફરજ છે. તેમણે લોકોને પોતાના આસપાસના વિસ્તારોને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો, કચરાના યોગ્ય વિભાજન અને ઘન કચરા વ્યવસ્થાપન અંગે પણ જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ સ્વચ્છતા અભિયાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવા પર ભાર મૂક્યો હતો. નરોલી ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યોએ જણાવ્યું હતું કે સ્વચ્છ અને સ્વસ્થ ગામના નિર્માણ માટે આવા કાર્યક્રમો નિયમિતપણે યોજવામાં આવશે. સ્થાનિક રહેવાસીઓએ પણ અભિયાનને આવકારી સ્વચ્છતા જાળવવામાં સંપૂર્ણ સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# વલસાડ રક્તદાન કેન્દ્રમાં પાંચ વર્ષમાં ૯૫,૮૬૧ યુનિટ એકત્રિત




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૪ :** 'રક્તદાન એ જ મહાદાન' આ માત્ર એક સુત્ર નથી પરંતુ માનવતાની સાચી ઓળખ છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાનું રક્ત અજાણ્યા લોકોના શ્વાસ ચાલુ રાખવા માટે અર્પણ કરે છે, ત્યારે તે સાચા અર્થમાં પૃથ્વી પરનો દેવદૂત બની જાય છે. આજે ૧૪ જૂન વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે વલસાડનાં એક એવાં જ સમર્પિત મહિલાની પ્રેરણાદાયક વાત કરવી છે, જેમણે રક્તદાન થકી સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વલસાડનાં રહેવાસી અને બે બાળકોનાં માતા અમિષાબેન શાહે અત્યાર સુધીમાં ૫૦ વખત સ્વેચ્છાએ રક્તદાન કરીને અનેક લોકોના જીવનમાં અજવાળું પાથર્યું છે. તેમણે ૨૯ વર્ષની ઉંમરે રક્તદાન કરવાની શરૂઆત કરી હતી, જેની પ્રેરણા તેમને ૨૪ વખત રક્તદાન કરનારા તેમના પિતા પાસેથી મળી હતી. અમિષાબેન વલસાડ રક્તદાન કેન્દ્ર ખાતે નિયમિતપણે સેવા આપે છે અને તેમની ઈચ્છા ૧૦૦ વખત રક્તદાન કરવાની છે. તેઓ ઈશ્વરને હંમેશાં એવી જ પ્રાર્થના કરે છે કે પ્રભુ તેમને પૂરતું હિમોગ્લોબિન આપતો રહે જેથી તેઓ અવિરત રક્તદાન કરી શકે.

અમિષાબેન માને છે કે બ્લડ ડોનેશનમાં મહિલાઓની ભાગીદારી હજુ પણ ઘણી ઓછી છે, તેથી તેમણે તમામ મહિલાઓને કોઈપણ ડર વિના રક્તદાન કરવા માટે અપીલ કરી છે. સમાજમાં પ્રવર્તતી ખોટી માન્યતાઓને દૂર કરતાં તેઓ જણાવે છે કે રક્તદાન કરવાથી મહિલાઓને કોઈ જ શારીરિક તકલીફ પડતી નથી. ૫૦ વખત રક્તદાન કર્યા બાદ પણ તેઓ એકદમ સ્વસ્થ છે. પોતાના સ્વાસ્થ્ય અને હિમોગ્લોબિનને સંતુલિત રાખવા માટે તેઓ રક્તદાનના ૧૫ દિવસ પહેલાં પલાળેલી કાળી દ્રાક્ષનું નિયમિત સેવન કરે છે. તેમના મતે, મહિલાઓએ ગેરમાન્યતાઓમાંથી બહાર આવીને નિઃસંકોચપણે આ ઉમદા કાર્યમાં જોડાવું જોઈએ.

અમીષાબેન જેવા અનેક રક્તદાતાઓના સહયોગથી વલસાડ રક્તદાન કેન્દ્ર સેવાનું એક મોટું માધ્યમ બની ચૂક્યું છે. રક્તદાન કેન્દ્રના ડાયરેક્ટર ભાવેશભાઈ રાયચા જણાવે છે કે, વર્ષ ૧૯૮૪માં શરૂ થયેલા વલસાડ કેન્દ્રમાં છેલ્લા પાંચ વર્ષમાં રક્તદાતાઓ દ્વારા ૯૫,૮૬૧ યુનિટ રક્તદાન કરવામાં આવ્યું છે. આ રક્ત વિવિધ સ્થળે યોજાતા બ્લડ ડોનેશન કેમ્પ અને ઈન-હાઉસ ડોનેશન દ્વારા ભેગું કરવામાં આવે છે, જેમાં ૭૪,૨૪૫ યુનિટ (૭૭.૪૫ ટકા) કેમ્પ દ્વારા અને ૨૧,૬૧૬ યુનિટ (૨૨.૫૫ ટકા) ઈન-હાઉસ એકત્ર થયું છે. ૮૯,૯૦૪ યુનિટ ભાઈઓ દ્વારા અને ૫,૯૫૭ યુનિટ બહેનો દ્વારા ડોનેટ કરાયું છે.

વર્ષ દરમિયાન અહીં સરેરાશ ૨૨,૦૦૦ થી ૨૩,૦૦૦ યુનિટ રક્ત એકત્ર થાય છે. નોંધનીય છે કે કેન્દ્રના ૧૯ રક્તદાતાઓએ ૧૦૦થી વધુ વખત રક્તદાન કર્યું છે, જ્યારે ૬ રક્તદાતાઓ દુર્લભ બોમ્બે બ્લડ ગ્રુપ ધરાવે છે જેઓ ૨૪ કલાક જરૂર પડ્યે રક્તદાન કરી લોકોની રક્ષા કરે છે. અહીંથી ચીખલી, નવસારી, વાંસદા, ડાંગ, દહાણું, પાલઘર અને તલાસરીના જરૂરિયાતમંદોને ૧૪ બ્લડ સ્ટોરેજ સેન્ટર મારફતે લોહી પહોંચાડવામાં આવે છે જેથી લોકોને વલસાડ સુધી આવવું ન પડે. રક્તદાન કેન્દ્રના સંસ્થાપક અને ગુજરાત સરકારના સિકલસેલ એનિમિયા પ્રોગ્રામના ઓનરરી ડાયરેક્ટર પદ્મશ્રી ડો. યઝદી ઈટાલિયા પણ આ કેન્દ્ર ખાતે ખુબ જ મહત્વની ભુમિકામાં રહ્યા છે. તેમના સિકલસેલ એનિમિયાના સંશોધનને અનુસરીને સિકલસેલ એનિમિયા, થેલેસેમિયા અને હિમોફિલિયાના દર્દીઓને કેન્દ્ર દ્વારા વિનામૂલ્યે લોહી પૂરું પાડવામાં આવે છે. જેમાં વર્ષે ૧૨૦૦ થી ૧૫૦૦ યુનિટ સિકલસેલ અને તેટલા જ યુનિટ થેલેસેમિયાના દર્દીઓને અપાય છે. જોકે, હજુ પણ આ કેન્દ્રને વધુ યુનિટ લોહી એકઠું કરવા માટે નવા રક્તદાતાઓની સતત જરૂર રહે છે.

રક્તદાનના આ જ મહત્વને O-ve (ઓ નેગેટિવ) બ્લડ ગ્રુપ ધરાવતા રક્તદાતા ડો. સત્યજીત રોય ખૂબ સારી રીતે સમજે છે. તાજેતરમાં જ જરૂર પડતાં એક જ ફોન કોલ પર તેઓ રક્તદાન કેન્દ્ર ખાતે પહોંચી ગયા હતા અને રક્તદાન કર્યું હતું.

પોતે એક ડોક્ટર હોવાથી તેઓ લોહીની માંગ અને માનવ શરીરમાં તેની પ્રક્રિયા વિશે સ્પષ્ટતા કરતાં જણાવે છે કે, રક્તદાન કરવાથી શરીરમાં લોહીની કોઈ જ ઉણપ નથી થતી, પરંતુ શરીરમાં ફરીથી નવું લોહી બની જ જાય છે.

૧૪ જૂન વિશ્વ રક્તદાતા દિવસના અનુસંધાને આ ઉદાહરણો સમાજને એક જ સંદેશ આપે છે કે લોકોએ ખોટી માન્યતાઓ અને ડરથી દૂર રહીને કોઈપણ જાતના સંકોચ વિના રક્તદાન કરવું જ જોઈએ, કારણ કે તમારું આપેલું થોડું રક્ત કોઈકનું આખું જીવન બચાવી શકે છે.

# રાતા પાંજળાપોળમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અપાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીના રાતા પાંજરાપોળ માં આજે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને જીવ દયા પ્રેમી એવા સર્ગસ્થ વિજયભાઈ રૂપાણીને તેમની પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન પાંજરાપોળમાં રહેલા અબોલા પશુઓને લીલા શાકભાજી અને પૌષ્ટિક ખોરાક ખવડાવી તેમને સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી આ કાર્યક્રમ દરમિયાન રાતા પાંજરાપોળના પ્રમુખ રાજેશભાઈ હસ્તિમલભાઈ શાહ ઉપપ્રમુખ ઉજેશભાઈ છોટાલાલ શાહ વાપી નગરપાલિકાના માજી પ્રમુખ અને જીયુડીસીના સ્વતંત્ર ડિરેક્ટર હાર્દિક શાહ તેમજ દેવેન્દ્ર જૈન અને અન્ય જીવદયા પ્રેમીઓ રાતા પાંજરાપોળમાં ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે વિજયભાઈ રૂપાણી દ્વારા ગુજરાતની દરેક પાંજરાપોળ માટે ખાસ પેકેજ જાહેર કર્યું હતું અને તેઓએ અબોલા પશુઓને માટે કરેલી આ કામગીરી કાયમી યાદ રહેશે તેમ જણાવવામાં આવ્યું હતું.

# વિપક્ષી એકતાની ખરી કસોટી ૨૦૨૯માં




**વિશ્લેષણ**
**કુન્દન વ્યાસ**

પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ આવ્યાં પછી વિપક્ષી રાજકારણ વેરવિખેર થઈ રહ્યું હોય એવી સ્થિતિ છે. ચૂંટણીમાં હાર-જીત સ્વાભાવિક હોય છે અને સ્વીકાર્ય હોવી જોઈએ, પણ વિપક્ષોની એકતામાં મોટું ભંગાણ પડયું છે. કોંગ્રેસની આગેવાની હેઠળ ઈન્ડિ-મોરચો ઊભો થયો હતો, પણ આ માંચડાના પાયા હચમચી ગયા છે. હવે તેને સ્થિર કરવાના - અને એકતા બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે તે કેવા સફળ થશે તે જોવાનું છે. અલબત્ત, વિપક્ષની એકતાની કસોટી ૨૦૨૯માં થશે અને ત્યાં સુધી સૌને ભેગા રાખવાનો સમય રાહુલ ગાંધીને મળશે, પણ તે પહેલાં સંસદની કાર્યવાહીમાં ભાજપ-એનડીએનું સંખ્યાબળ લગભગ બહુમતીમાં હશે અને મહિલા આરક્ષણ તથા સંસદીય બેઠકોના સીમાંકનને લગતા ખરડા પસાર થઈ શકે છે - જેનો પૂરો લાભ ભાજપ-એનડીએને ચૂંટણીમાં મળશે. ટૂંકમાં - કોંગ્રેસનો ઈન્ડિ મોરચો મોદી સરકારના વિરોધમાં આંદોલનો કરશે, ત્યારે ભાજપ-એનડીએ અર્થતંત્ર અને રાજતંત્રમાં સુધારા કરીને વધુ લોકપ્રિયતા અંકે કરશે. અત્યારની રાજકીય સ્થિતિ હવે ૨૦૨૯માં બદલાશે, ત્યાં સુધી અરાજકતા અને સ્થિરતા વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરશે. વિપક્ષ છાવણીમાં ઊથલપાથલની શરૂઆત તામિલનાડુથી થઈ. ડીએમકેનો પરાભવ દેખાયા પછી કોંગ્રેસ - રાહુલ ગાંધીએ રાતોરાત - ઓવરનાઈટ ડીએમકેનો સાથ છોડીને અભિનેતામાંથી નેતા બનેલા જોસેફ વિજયન સાથે સમજૂતી કરી લીધી. આ મૈત્રી કરાર - લીવ ઈન રિલેશનશિપ - માત્ર રાજ્ય સરકારમાં સત્તાની ભાગીદારી પૂરતી નથી. રાહુલ ગાંધીની નજરમાત્ર લોકસભા ઉપર છે. તામિલનાડુમાં જોસેફ વિજયનના નામની બોલબાલા છે, એમના નામે વોટ પડે છે, તેથી કોંગ્રેસને લોકસભાની ચૂંટણીમાં વધુ બેઠકો મળશે - એવી ગણતરી મુખ્ય છે. રાહુલ ગાંધીએ આ મહત્ત્વનો નિર્ણય લેવા પહેલાં ઈન્ડિ મોરચાના કોઈ નેતાને વિશ્વાસમાં લીધા નહીં. અલબત્ત, આ નિર્ણય કોંગ્રેસનો, કોંગ્રેસ માટે જ છે તે વાત સાચી પણ ઈન્ડિ મોરચાના એક મજબૂત પાયાને તોડવામાં આવ્યો તેની અવળી અસર વિપક્ષી મોરચા ઉપર, તેની શક્તિ ઉપર પડી છે! આ ઘટનામાં નોંધપાત્ર બાબત એ છે કે ડીએમકેનો સર્વોચ્ચ નેતા - પૂર્વ મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલીને કોંગ્રેસ સાથેના સંબંધ કાપી નાખ્યા છે. લોકસભામાં તેમના સભ્યો કોંગ્રેસથી દૂર બેસનાર છે. મમતા બેનરજીના પરાભવ પછી - એમની વિનંતી સ્વીકારીને ઈન્ડિ મોરચાની બેઠક બોલાવાઈ તેમાં ૨૩ વિપક્ષની હાજરી હતી. ડીએમકે અને 'આપ' ગેરહાજર - કોંગ્રેસ - રાહુલ ગાંધીના નવા મિત્ર - જોસેફ વિજયન પણ હાજર ન હતા. એમને મોરચામાં જોડાવાનું આમંત્રણ અપાયું હતું કે નહીં તે બાબત કોઈ સ્પષ્ટતા નથી. આ સમયગાળામાં મુખ્યપ્રધાન વિજયન નવી દિલ્હી આવ્યા અને વડાપ્રધાનની શુભેચ્છા મુલાકાત લીધી અને પછી સોનિયાજીને પણ મળ્યા હતાં. ઈન્ડિ મોરચાની બેઠકમાં ડીએમકેની બાદબાકી અને બહિષ્કારની ચર્ચા થઈ અને રાહુલ ગાંધીની ટીકા પણ થઈ. ડીએમકેને મનાવી લેવાનું સૂચન થયું, પણ આવી શક્યતા દેખાતી નથી. અન્ય ભાગીદાર પક્ષો - રાષ્ટ્રીય જનતા દળના તેજસ્વી યાદવ અને સમાજવાદી પક્ષના અખિલેશ યાદવ રાહુલ ગાંધીની ટીકામાં જોડાયા. ડાબેરી નેતાઓ અને રાહુલ ગાંધી વચ્ચે ટપાટપી થઈ. ચૂંટણી પ્રચારમાં રાહુલ ગાંધીએ રાજ્યમાં ડાબેરી મોરચા વિરુદ્ધ પ્રચાર કરીને મુખ્યપ્રધાન ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા હતા. હકીકતમાં ઈન્ડિ મોરચાના અન્ય - નાના-મોટા પક્ષોને કોંગ્રેસમાં વિશ્વાસ રહ્યો નથી. ગમે તેનો ભોગ લઈ શકાય. વારો આવી શકે એવી શંકા વ્યક્ત થાય છે છતાં સૌ સ્વીકારે છે કે, કોંગ્રેસના કારણે સૌ ભેગા થાય છે ! તામિલનાડુ પછી પશ્ચિમ બંગાળમાં પણ મોટાં ગાબડાં પડયાં છે. લોકસભા અને રાજ્યસભામાં પણ આમ આદમી પાર્ટી પછી ડીએમકે અને તૃણમૂલ કોંગ્રેસમાં મોટાં ભંગાણ પડયાં છે. આ તમામ સભ્યો ભાજપ-એનડીએમાં હજુ જોડાયા નથી, પણ સરકારને ટેકો આપવા તૈયાર છે. તૃણમૂલ કોંગ્રેસના ભંગાણ પછી ૨૮માંથી ૨૦ સભ્ય હવે ચૂંટણીપંચને અરજી કરીને પક્ષના નામ અને નિશાન ઉપર દાવો કરીને - શિવસેનાની જેમ સ્થાન મેળવવા માગે છે. એક વાત મહત્ત્વની છે કે, બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસે સત્તા ગુમાવી છે, પણ તેના નામ ઉપર ૮૦ સભ્ય વિધાનસભામાં ચૂંટાયા છે. રાજ્યમાં લગભગ ૪૧ ટકા વોટ મળ્યા છે, તેથી કોંગ્રેસને હજુ આશા છે કે, લોકસભામાં કામ આવશે. લોકસભાની ચૂંટણી ૨૦૨૯માં થશે, પણ તે પહેલાં સંસદમાં સંખ્યાબળ બદલાયાં છે. તૃણમૂલ ૨૦ સભ્ય ઉપરાંત લોકસભામાં ડીએમકેના ૨૨ સભ્ય છે, આપના સાત મળીને એનડીએની સંખ્યા ૨૯૩થી વધીને ૩૧૩ થાય છે. રાજ્યસભામાં તો આરામદાયક બહુમતી થાય છે. વર્ષાસત્રમાં મહિલા આરક્ષણ અને લોકસભાની બેઠક સંખ્યા ૫૩૦થી વધારીને ૮૩૦ કરવા માટે ઠરાવને મંજૂરી મળશે એવી ગણતરી છે. એનડીએની સામે ઈન્ડિ બ્લોકની સંખ્યા લોકસભામાં ૨૦૦થી પણ ઘટી રહી છે. આ સંજોગોમાં મોરચાના ભાગીદાર પક્ષો ચિંતિત છે. ઉત્તર ભારતમાં જમ્મુ-કાશ્મીર, ઝારખંડ અને હિમાચલ -દેશ, કેરલમ, કર્ણાટક અને તેલંગાણા દક્ષિણમાં બચ્યાં છે, ત્યારે આવતાં વર્ષે ઉત્તર પ્રદેશમાં ચૂંટણી હશે ત્યારે ઈન્ડિ મોરચો અકબંધ રહેશે? હવે નવો વિચાર વાયરલ થયો છે કે, મમતા બેનરજી - એમના તૃણમૂલ કોંગ્રેસ પક્ષને માતૃસંસ્થા કોંગ્રેસમાં વિલીન કરે. રાષ્ટ્રવાદી કોંગ્રેસના શરદ પવારે કોંગ્રેસના એકીકરણની શરૂઆત કરવી જોઈએ એવી હિલચાલ છે. અલબત્ત, આ પ્રક્રિયામાં જૂના-નવાનો ગજગ્રાહ કેવી રીતે શાંત થશે? રાહુલ ગાંધીને વિધિસર વડા-ધાન પદના ઉમેદવાર જાહેર કરવાનું સૂચન પણ છે, જેથી ૧૯૬૯ પહેલાંની કોંગ્રેસ બની શકે ! - નેહરુ અને નરેન્દ્રભાઈ મોદી આઝાદ ભારતના પ્રથમ વડા-ધાન જવાહરલાલ નેહરુ અને નરેન્દ્ર મોદીની સરખામણીનો વિવાદ નિરર્થક છે, નેહરુ કરતાં નરેન્દ્ર મોદીનો શાસનકાળ મોટો - વધુ દીર્ઘ છે તે દિવસોના આંકડાથી પૂરવાર થાય છે, પણ નોંધપાત્ર બાબત એ છે કે, નેહરુને સ્વાતંત્ર્ય સંગ્રામની પાર્શ્વભૂમિકાનો લાભ મળ્યો હતો. કોંગ્રેસ પાસે મહાત્મા ગાંધીના નામની મૂડી હતી, તેથી ૧૯૬૪ સુધી વડાપ્રધાન પદે રહ્યા. આ દરમિયાન કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ હતી અને ચીનની મૈત્રી ઉપર વિશ્વાસ મૂક્યો, વિશ્વાસઘાતનો આઘાત લાગ્યો. નરેન્દ્ર મોદી તો સામાપૂરે લડીને જીત્યા છે. ૨૦૧૪ પછી પણ એમને હરાવવા, હઠાવવાના પ્રયાસ, કાવતરાં થયાં છે અને થઈ રહ્યાં પણ એમની લોકપ્રિયતા સતત વધતી રહી છે. એમની લોકપ્રિયતા ભારતના વિકાસને આભારી છે. એમની નીતિ, નિયમ અને નિષ્ઠા સાથે સબકા વિશ્વાસ - સબકા વિકાસના કારણે એમણે ચૂંટણી સાથે લોકોનાં દિલ-મન પણ જીતી લીધાં છે અને ભારત ભાગ્ય વિધાતા બન્યા છે.

# શું ફિટનેસ બાબતની વધુ પડતી સજાગતા પણ કામની નથી?

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

આજના આધુનિક યુગમાં સવારના એલાર્મથી લઈને રાત્રિના સ્લીપ ટ્રેકર સુધી, આપણી આખી જિંદગી આંકડાઓ અને કેલરીના ગણિતમાં વહેંચાઈ ગઈ છે. સોશિયલ મીડિયા પર સિક્સ-પેક એપ્સ, અશક્ય લાગતા ડાયટ પ્લાન્સ અને વહેલી સવારના વર્કઆઉટના વીડિયોઝ જોઈને સામાન્ય મધ્યમવર્ગીય પુરુષના મનમાં એક અજંપો અને લઘુતાગ્રંથિ પેદા થવા લાગે છે. ઓફિસની ફાઈલો, ઘરની જવાબદારીઓ, બાળકોની સ્કૂલ ફી અને હોમ લોનના ઈએમઆઈ વચ્ચે પીસાતો પુરુષ જ્યારે અરીસામાં પોતાનું સહેજ બહાર નીકળેલું પેટ જુએ છે, ત્યારે તે એક અજાણ્યા અપરાધભાવથી ઘેરાઈ જાય છે. આ જ અપરાધ ભાવમાંથી જન્મે છે ફિટનેસની વધુ પડતી સજાગતા, જે ક્યારેક સ્વાસ્થ્ય સુધારવાના બદલે માનસિક સ્વાસ્થ્યને બગાડવાનું કારણ બની જાય છે. શરૂઆતમાં જે બાબત શરીરને તંદુરસ્ત રાખવા માટે શરૂ થઈ હોય છે, તે ધીમે ધીમે એક અઘોષિત માનસિક વળગણ અથવા તો ઝનૂનનું સ્વરૂપ ધારણ કરી લે છે.

એક પુરુષ તરીકે સમાજમાં આપણી ઓળખ હંમેશાં એક 'પ્રોવાઈડર' એટલે કે કમાનાર અને કુટુંબનું રક્ષણ કરનાર તરીકેની રહી છે. આ જવાબદારી નિભાવવા માટે શરીરનું સક્ષમ હોવું જરૂરી છે એ વાત સો ટકા સાચી, પણ જ્યારે ફિટનેસ એ જીવનનો એકમાત્ર હેતુ બની જાય ત્યારે સંતુલન બગડે છે. સવારે પાંચ વાગ્યે ઉઠીને જિમમાં પરસેવો પાડવો, ઓફિસમાં નવથી દસ કલાક ગધેડાવૈતરું કરવું અને સાંજે પાછા આવીને કુટુંબને સમય આપવાના બદલે ફરી પ્રોટીન શેક અને કેલરી કાઉન્ટિંગમાં ડૂબી જવું, આ લાઈફસ્ટાઈલ પુરુષને શારીરિક રીતે મજબૂત કદાચ બનાવી શકે પણ માનસિક રીતે ખોખલો કરી નાખે છે. જરા વિચારો કે જે પુરુષ આખો દિવસ ઓફિસના પર્ફોર્મન્સ પ્રેશર હેઠળ જીવતો હોય, તેણે હવે જિમમાં પણ પોતાનું પર્ફોર્મન્સ સાબિત કરવાનું દબાણ વેઠવું પડે છે. ટ્રેડમિલ પર દોડતી વખતે સ્પીડ કેટલી હતી, સ્માર્ટવોચમાં હાર્ટ રેટ કેટલા બતાવે છે, અને આજે વીંટી જેટલી જગ્યામાં કેટલી કેલરી બર્ન થઈ, આ બધું સતત મગજમાં ચાલ્યા કરે ત્યારે મગજ ક્યારેય શાંત રહી શકતું નથી. વધુ પડતી ફિટનેસ સજાગતાના કારણે પુરુષોના સામાજિક અને કૌટુંબિક સંબંધો પર પણ ઊંડી અસર પડે છે. રવિવારની સાંજે જ્યારે આખો પરિવાર સાથે બેસીને ભજિયાં, બટાકાવડા કે સમોસાની મિજબાની માણતો હોય, ત્યારે ડાઈનિંગ ટેબલના એક ખૂણે બેસીને માત્ર બાફેલી બ્રોકોલી કે ચિકન બ્રેસ્ટ ખાતો પુરુષ અજાણતા જ પરિવારથી માનસિક રીતે અલિપ્ત થઈ જાય છે. જીવનના નાના-નાના આનંદ, જેવા કે મિત્રો સાથે રાત્રે ચાની ટપરી પર બેસીને થપ્પો મારવો કે પત્ની સાથે કોઈ ખાસ પ્રસંગે આઈસ્ક્રીમની મજા લેવી, આ બધું જ ચીટ મીલ કે "અનહેલ્થી કલ્ચરના નામે ત્યાગી દેવામાં આવે છે. શારીરિક ફિટનેસના ચક્કરમાં સામાજિક કનેક્શન છૂટી જાય છે અને આખરે પુરુષ એકલતાનો ભોગ બને છે. વૈજ્ઞાનિક રીતે સાબિત થયું છે કે મિત્રો સાથે ખડખડાટ હસવાથી અને પરિવાર સાથે સારો સમય વિતાવવાથી જે હોર્મોન્સ રીલીઝ થાય છે, તે જિમના કોઈ પણ હેવી વર્કઆઉટ કરતાં વધુ માનસિક શાંતિ આપે છે. આ સિવાય, ત્રીસી કે ચાલીસી વટાવી ચૂકેલા પુરુષોમાં જિમની અંદર અતિશય વજન ઉંચકવાની કે ટૂંકા ગાળામાં બોડી ટ્રાન્સફોર્મેશન કરવાની જે ઘેલછા જોવા મળે છે તે શારીરિક રીતે જોખમી છે. સમાજમાં અને સોશિયલ મીડિયા પર પુરુષત્વની વ્યાખ્યા માત્ર ચોરસ છાતી અને બાયસેપ્સના કદ પર સીમિત કરી દેવામાં આવી છે. આ નકલી માપદંડોને આંબવા માટે ઘણા પુરુષો પોતાની ક્ષમતા કરતાં વધુ શારીરિક શ્રમ કરે છે, જેના કારણે હૃદય પર અતિશય દબાણ આવે છે, સાંધાઓ ઘસાઈ જાય છે અને સ્નાયુઓ ખેંચાઈ જાય છે. તાજેતરના વર્ષોમાં જિમમાં વર્કઆઉટ દરમિયાન હાર્ટ એટેક આવવાના કિસ્સાઓમાં જે ચિંતાજનક વધારો થયો છે, તે દર્શાવે છે કે વધુ પડતી સજાગતા ક્યારેક જીવલેણ સાબિત થઈ શકે છે. શરીરની એક ચોક્કસ મર્યાદા હોય છે, તેને મશીનની જેમ ચોવીસે કલાક દોડાવી શકાતું નથી.

ફિટનેસનો સાચો અર્થ એ નથી કે તમારું શરીર ગ્રીક ગોડ જેવું દેખાય કે તમારી કમર ચોક્કસ ઈંચની જ હોય. સાચી ફિટનેસ એ છે કે તમે સવારે ઉઠો ત્યારે તમારામાં દિવસભરના કામનો ઉત્સાહ હોય, રાત્રે તમને કોઈપણ ચિંતા વગર ઘાટી નિંદ્રા આવી જાય, અને સીડીઓ ચડતી વખતે તમારો શ્વાસ ન ફૂલે. ફિટનેસ એ જીવનને સુંદર બનાવવાનું સાધન હોવું જોઈએ, જીવનને કંટ્રોલ કરનારું જેલર નહીં. પુરુષોએ સમજવું પડશે કે આ ઉંમરે સિક્સ-પેક એપ્સ કરતાં ફેમિલી સાથે વિતાવેલી પીસ ઓફ માઈન્ડની ક્ષણો વધુ કિંમતી છે. અઠવાડિયામાં પાંચ દિવસ સાદો અને પૌષ્ટિક ખોરાક લેવો, અડધો કલાક સામાન્ય ચાલવું કે હળવી કસરત કરવી એ શરીરને સ્વસ્થ રાખવા માટે પૂરતું છે. જ્યારે આપણે ફિટનેસને વળગણના બદલે જીવન સહજ હિસ્સો બનાવીશું, ત્યારે જ આપણે સાચા અર્થમાં તંદુરસ્ત અને સુખી પુરુષ બની શકીશું. વધુ પડતી સજાગતા બાહ્ય દેખાવ સુધારી શકે, પણ આંતરિક શાંતિ તો માત્ર સંતુલનથી જ આવે છે.

# શિક્ષણનો મુખ્ય હેતુ : 'મનુષ્યનો સંપૂર્ણ વિકાસ', સાચું ?

**આજે શિક્ષણ સૌથી સારો નફો આપનાર વ્યવસાય છે. એટલે જ તો ઈન્ટરનેશનલ સ્કૂલ કે કોચિંગ સેન્ટરના નામે શિક્ષણનો વ્યવસાય વ્યાપક બની રહ્યો છે. તેને પરિણામે મનુષ્યનાં સંપૂર્ણ વિકાસને પ્રોત્સાહિત કરનારા શિક્ષણને બદલે માત્ર વ્યવસાય કે નોકરી અપાવનારા શિક્ષણ તરફ જ સમાજની દોડ છે. આજે શિક્ષણ જ ધનવાન અને ગરીબ માટે જુદું થઈ ગયું છે.**



**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**सत्यमेवज्येष्ठं नृपतिं रक्षति**

અર્થાત્ સત્ય જ શ્રેષ્ઠ છે અને રાજાનું રક્ષણ કરે છે. આમ તો, રાજા કે પ્રજા સત્ય બધાનું જ રક્ષણ કરે છે. સત્ય બોલ્યા પછી શું બોલ્યા હતા તે યાદ રાખવાની જરૂર રહેતી નથી. પણ સત્ય એટલે શું અને કેવી રીતનું સત્ય કહેવાય? એ સમજવી વિકેટ બાબત છે. કારણ કે સત્ય સમજાવનારા કે શીખવનારાઓની સત્યતા ઉપર જ હાલ તો પ્રશ્ન ઊભા થઈ રહ્યા છે.

જાહેર પરીક્ષાઓ માટે ઈતિહાસ અને ભૂગોળનું સત્ય સમજાવનારા ખાન સર અને એમનાં પ્રતિસ્પર્ધીઓ વચ્ચે થઈ રહેલી બબાલમાં સત્ય શું અને કોણ સત્ય તે સમજવું આપણે માટે તો મુશ્કેલી છે ને ! સત્ય જે હશે તે પણ આવી ઘટનાઓને દરેક વ્યક્તિ પોતાનાં નિશ્ચિત દ્રષ્ટિકોણથી જોઈને મૂલવવાનો પ્રયત્ન કરે છે. આમેય મોટેભાગેના નિર્ણયો આપણી બુદ્ધિએ નક્કી કરેલા નિશ્ચિત દૃષ્ટિકોણથી જ થતાં હોય છે. આપણે નક્કી કરેલ દ્રષ્ટિકોણ જ આપણે માટે સત્ય હોય છે, એટલે જ તો ચોરી કરનાર ચોરને પણ પોતે કરેલ કામ કંઈ ખોટું લાગતું નથી. જોકે, સત્યને તપાસવા માટે પોતાનાં અંગત દ્રષ્ટિકોણની સાથે સાથે તટસ્થ દ્રષ્ટિકોણ પણ હોય છે. પણ જ્યારે શિક્ષણ અને શિક્ષણનું સત્ય સમજાવનાર શિક્ષકોના જ સત્ય વિશે પ્રશ્નો નિર્માણ થાય તો તેમની પાસેથી સત્ય શીખેલા વિદ્યાર્થીઓ કયા સત્યનું આચરણ કરશે ?

એ તો જવા દો, ખરેખર તો શિક્ષણ કયું સત્ય એ જ સૌથી મોટો પ્રશ્ન છે. આપણે વર્ષોથી સાંભળીએ છીએ કે આજની શિક્ષણપ્રથા મેકોલેએ આપેલી શિક્ષણપ્રથા છે. આપણી સાચી શિક્ષણપ્રથા તો ગુરુકુળપદ્ધતિ છે. વિશ્વની સૌથી શ્રેષ્ઠ કહી શકાય એવી ગુરુકુળપદ્ધતિ આજે આધુનિક હોસ્ટેલમાં બદલાઈ ગઈ છે. શિક્ષણમાં વ્યવસાયીકરણે એવો પગ પેસારો કર્યો છે કે શૈક્ષણિક સંસ્થાઓનો હેતુ માત્ર પૈસા કમાવાનો અને શિક્ષણ મેળવનારાઓનો હેતુ પણ પૈસા કમાવાનો જ થઈ ગયો હોય એવું લાગે છે. કારણ કે આજે શિક્ષણ સૌથી સારો નફો આપનાર વ્યવસાય છે. એટલે જ તો ઈન્ટરનેશનલ સ્કૂલ કે કોચિંગ સેન્ટરના નામે શિક્ષણનો વ્યવસાય વ્યાપક બની રહ્યો છે. તેને પરિણામે મનુષ્યનાં સંપૂર્ણ વિકાસનો પ્રોત્સાહિત કરનારા શિક્ષણને બદલે માત્ર વ્યવસાય કે નોકરી અપાવનારા શિક્ષણ તરફ જ સમાજની દોડ છે.

જોકે, કોઈક અંશે ભારતીય શિક્ષણપ્રણાલીના હેતુઓને ધ્યાનમાં રાખીને બનેલી NEP-૨૦૨૦ શિક્ષણનાં વ્યવસાયીકરણને દૂર કરે એવી આશા છે પણ એ શિક્ષણનીતિ જ અભિમન્યુની જેમ જુદા જુદા ચક્રવ્યુમાં ફસાઈ હોય એવું લાગે છે. એટલે જ તો હજી પણ દેશમાં સંપૂર્ણપણે એનું અમલીકરણ થયું નથી. જોકે આ પ્રોકારની નીતિઓ મોટેભાગે કાગળની શોભા વધારવા માટે જ ઘડાય છે. એટલે જ એ નીતિઓ ઘડ્યા પછી એના અમલીકરણ માટે લાંબો સમય લેવાય છે ત્યાં સુધીમાં તો બીજી સરકાર આવીને પોતાની મરજી મુજબનાં પરિવર્તનો કરીને નવી નીતિ બનાવી દે.

સત્યનું અન્વેષણ કરનારી શિક્ષણપ્રથા જ આજે અસત્યના છોગા હેઠળ શોભે છે. દા.ત. નીટ જેવી જાહેર પરીક્ષાનાં પેપર ફૂટવા, કોચિંગ સેન્ટરનાં શિક્ષકોનો વિવાદ અને કોઈક ન્યુઝ ચેનલવાળા શિક્ષકોને 'બે કોડીના' કહીને ઊભો સંબોધવા. એટલે જ તો હવે શિક્ષણની પાછળનાં સત્યને શોધવાની ક્ષમતા છે કોની ? શિક્ષણનાં રણમેદાનમાં અને મોંઘવારીનાં ચક્રવ્યુમાં ફસાયેલ બિચારા સામાન્ય વાલી પાસે તો આ ચક્રવ્યુમાંથી બહાર નીકળવાનો સમય અને સમજ જ ક્યાં છે ? મોંઘા દાટ પૈસા ખર્ચી શકે એવી એની હાલત નથી, એટલે જ પાઠ્યપુસ્તક વગર ચાલતી શાળાઓમાં અને વસ્તી ગણતરીમાં અટવાયેલા શિક્ષકોની શિક્ષણ પદ્ધતિનો આશ્રય લઈને સામાન્ય વાલી અપેક્ષા રાખે છે કે પોતાનાં બાળકનું ભવિષ્ય બદલાશે, પણ જ્યારે હવે શિક્ષણ જ ધનવાન અને ગરીબ માટે જુદું થઈ ગયું છે તો શિક્ષણનો મુખ્ય હેતુ મનુષ્યનાં સંપૂર્ણ વિકાસ તો કાગળ પર જ શોભે ને !

# સલમાન પૈડીપલ્લીની ફિલ્મ સાથે બિગબોસ ૨૦ પણ કરશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૩ :** સલમાન વધુ એક વખત બિગબોસ ૨૦ના હોસ્ટ તરીકે પાછો ફરશે, આ શોની નવી સીઝન હવે ૨૧ સપ્ટમ્બરે આવાવની છે. સલમાન હાલ એક તરફ વમાશી પૈડીપલ્લીની ફિલ્મમાં વ્યસ્ત છે, બીજી તરફ તેની માતૃભૂમિ પણ અટકેલી છે, ત્યારે તેના માટે હવે બિગબોસનું કામ પણ બેલેન્સ કરવું પડે એવી સ્થિતિ છે. સલમાન ઈચ્છે છે કે આ ફિલ્મનું શૂટિંગ શરુ કરે તે પહેલાં તે આ એક્શન થ્રિલર ફિલ્મનો મોટો ભાગ શૂટ કરી લેવા માગે છે, જેમાં તેની સાથે નયનતારા પણ લીડ રોલમાં છે. આ અંગેના અહેવાલો મુજબ સલમાનની ટીમ ખુબ ધ્યાનથી તેનું શીડ્યુલ ગોઠવી રહી છે, જેથી તેનું શૂટ પણ કોઈ જ પ્રકારના વિલંબ વિના થઈ શકે અને છતાં સલમાન પાસે તેના શો બિગબોસ માટે પણ પુરતો સમય રહે. બિગબોસ ઈન્ડિયન ટેલિવિઝનનાં સૌથી લોકપ્રિય શોમાંનો એક છે, જે સૌથી વધુ જોવાય છે, તેમાં પણ ખાસ કરીને સલમાનને કારણે આ શો સૌથી વધુ જોવાય છે. આ શોની આગળની સીઝનમાં ગૌરવ ખન્ના, ફરહાના ભટ્ટ, અમાલ મલિક, તાન્યા મિત્તલ અને બસીર અલી જેવા લોકોએ ભાગ લીધો હતો અને હવે ૨૦મી સીઝનમાં મેકર્સ ઈચ્છે છે કે આ શો પહેલાંની બધી સીઝન કરતાં પણ વધુ મોટા સ્તર પર બને. આ શો માટેના ઓડિશન અને સેલેબ્રિટીઝનું શોર્ટલિસ્ટિંગ શરૂ થઈ ગયું છે. કાસ્ટિંગ ટીમ ફરી વખત ટીવીની જાણીતા ચહેરાઓના સંપર્કમાં લાગી ગઈ છે અને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફર્મ અને રિયાલિટી શોના જાણીતા લોકોનો પણ સંપર્ક થઈ રહ્યો છે. કારણ કે હવે મેકર્સ વધુ સંખ્યામાં યુવા ઓડિયન્સને પણ ટાર્ગેટ કરવા માગે છે. જો કે, આ સીઝનમાં ઘરના સભ્યો માટે કેવા પડકારો આવશે અને કેવા વળાંક આવશે તે અંગે તો શોના પ્રીમિયર વખતે જ જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત હવે અન્ય ચેનલમાં પણ આ પ્રકારના જોનરના શો આવી રહ્યા છે, તેથી હવે બિગબોસના મેકર્સ સામે પોતાનું ટાર્ગેટ ઓડિયન્સ જાળવી રાખવાનો પણ પડકાર છે.

# રજનીકાન્તની જેલર ટુમાં હૃતિક રોશનનો કેમિયો કન્ફર્મ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૩ :** રજનીકાન્તની આગામી ફિલ્મ 'જેલર ટુ'માં હૃતિક રોશન હશે કે કેમ તેવી તમામ અટકળોનો અંત આવી ગયો છે. આખરે એક ખાસ પાત્રમાં કામ કરવા માટે હૃતિક રોશન તૈયાર થઇ ગયો છે. 'જેલર ટુમાં ફિલ્મ જગતની અનેક હસ્તીઓ વિવિધ ભૂમિકાઓમાં જોવા મળશે. અત્યાર સુધીમાં આ ફિલ્મમાં મોહનલાલ, શિવા રાજકુમાર, વિજય સેતુપતિ અને મિથુન ચક્રવર્તિની ભૂમિકાઓ નક્કી થઇ ચૂકી છે. નેલ્સન દિલિપ કુમાર નિર્દેશિત 'જેલર ટુ' ફિલ્મ સપ્ટેમ્બર ૨૦૨૬માં સિનેમાઘરોમાં રજૂ થવાની ગણતરી છે. આ ફિલ્મમાં રામ્યા કૃષ્ણન, વિદ્યા બાલન અને યોગી બાબુ પણ મહત્વની ભૂમિકાઓ ભજવી રહ્યા છે. અગાઉ હૃતિક રોશને બાળ કલાકાર તરીકેની તેની પ્રથમ ફિલ્મ 'ભગવાનદાદા'માં રજનીકાન્તના દત્તક પુત્રની ભૂમિકા ભજવી હતી. ૧૯૮૬માં આવેલી આ એક્શન ફિલ્મમાં હૃતિક રોશને બાળકલાકાર તરીકે પહેલી જ ફિલ્મમાં રજનીકાન્ત સાથે કામ કર્યું હતું. એ પછી વર્ષોસુધી હૃતિક રોશને રજનીકાન્ત સાથે કામ કરવાની ઈચ્છા અવારનવાર વ્યક્ત કરી હતી. હવે એ ઈચ્છા પુરી થવા જઇ રહી છે. ચેન્નાઈમાં બાવીસ અને ત્રેવીસ જુને આ કેમિયોની સિકવન્સનું શૂટિંગ કરવામાં આવશે.

# વર્ષો સુધી દીપિકાની ટીકા કર્યા પછી કંગનાએ વખાણ કરતાં ચર્ચા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૩ :** કંગના રણૌત હાલ તેની ફિલ્મ ભારત ભાગ્ય વિધાતાના પ્રમોશનમાં વ્યસ્ત છે, ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં કંગનાએ કહ્યું કે આજની પેઢીની હિરોઇન કઈ રીતે એકબીજાથી અસુરક્ષા અનુભવે છે અને એકબીજાંનાં વખાણ કરતી નથી. આ પ્રકારના માહોલ અને વાતાવરણને ટોક્સિક ગણાવતાં તેણે કહ્યું, તે ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે તેણે પોતાનાં પ્રતિસ્પર્ધીઓ પાસેથી શીખવાની કોશિશ કરી હતી, આ મુદ્દે તેણે જણાવ્યું હતું કે દીપિકા પાસેથી તેને ઘણું શીખવા મળ્યું છે. કંગનાએ કહ્યું, "તે સમયે મને કંઈ ખબર નહોતી. હું મારી આસપાસના લોકો પાસેથી ઘણું શીખી. જે લોકોમાં મને સારી બાબતો જોવા મળી, તેમાંથી મેં પ્રેરણા લીધી."તેણે ખાસ કરીને દીપિકા પાદુકોણનું નામ લેતાં જણાવ્યું કે દીપિકા પાસેથી પણ તેણે ઘણી બાબતો શીખી છે. કંગનાએ કહ્યું, "દીપિકાનું સ્પોર્ટ્સનું બૅકગ્રાઉન્ડ હતું, જ્યારે હું વિજ્ઞાનનો અભ્યાસ કરતી હતી. મેં તેની પાસેથી સમજ્યું કે નિયમિત કસરત કરવાથી કેટલો ફાયદો થાય છે. મેં બીજા લોકો પાસેથી પણ શીખ્યું, જેમ કે પોતાને સારી રીતે પ્રસ્તુત કરવાની કળા. આજકાલ ખાસ કરીને યુવા પેઢીમાં ઘણી નકારાત્મકતા જોવા મળે છે. આટલી નકારાત્મકતા સારી નથી. તે ટોક્સિક બની જાય છે અને તેને સાવચેતીપૂર્વક દૂર કરવાની જરૂર છે." આ સિવાય કંગનાએ દીપિકાના આઠ કલાક કામ કરવાની વાત પર પણ સમર્થન આપ્યું હતું.ઈન્ટરવ્યુ દરમિયાન કંગનાએ માધુરી, કરિશ્મા, વહીદા રહેમાન, મીના કુમારી અને દીપિકાનું ઉદાહરણ આપતાં કહ્યું, "બીજી મીના કુમારી કે કરિશ્મા કપૂર આવનાની નથી. દરેક સમય અને યુગનો પોતાનો ચહેરો હોય છે. બીજી મધુબાલા, માધુરી દીક્ષિત, જૂહી ચાવલા કે દિવ્યા ભારતી પણ આવી નથી. એ જ રીતે બીજી દીપિકા પાદુકોણ પણ નથી. આપણે બધા આપણા-આપણા યુગનું પ્રતિનિધિત્વ કરીએ છીએ." જોકે કંગના અને દીપિકા વચ્ચે અનેક મુદ્દાઓ પર અગાઉ મતભેદો પણ જોવા મળ્યા છે. ૨૦૨૫માં ફિલ્મ પદ્માવત અંગે વાત કરતાં કંગનાએ જણાવ્યું હતું કે તેને પણ આ ફિલ્મની ઓફર કરવામાં આવી હતી, પરંતુ તેણે પાત્રમાં પૂરતું મહત્વ ન લાગતાં ફિલ્મ નકારી દીધી હતી.

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે મુલાકાત લીધી

## ધરમપુર વિલ્સન હિલ ખાતે વૃક્ષારોપણ કરાયું



**વરસાદી પાણીનો તળાવમાં સંગ્રહ થાય તે માટે પણ મંત્રીઓએ તાલુકા વિકાસ અધિકારીને સૂચન કર્યું**



(દમણગંગા ટાઈમ્સ )

**ધરમપુર, તા. ૧૪ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે પ્રગતિપથ યાત્રા અંતર્ગત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ તેમજ વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલા વિખ્યાત પર્યટન સ્થળ વિલ્સન હિલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ મુલાકાત વેળા મંત્રી કનુભાઈ અને નરેશભાઈએ વિલ્સન હિલ પર પર્યટકો માટેની સુવિધા અને વધુ વિકાસ અર્થે પ્રાંત અધિકારી આર. સી. પટેલને જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતાં. આ સિવાય ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો તળાવમાં સંગ્રહ થાય તે માટે પણ મંત્રીશ્રીઓએ તાલુકા વિકાસ અધિકારીને સૂચન કર્યું હતું. વિલ્સન હિલની મુલાકાત સમયે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે નજીકમાં આવેલા શંકર ધોધ ખાતે એક પેડ માં કે નામે સંકુલ બનાવ્યું હોવાની માહિતી મંત્રીને આપી હતી. આ સિવાય પ્રગતિપથ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને વિલ્સન હિલ ખાતે સહાય પણ ચુકવવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

આ મુલાકાત પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, પંગારબારી ગામના સરપંચ સરસ્વતીબેન અને અધિકારી - પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સાંસદ ધવલભાઈ પટેલે ધરમપુરના શ્રી રામકૃષ્ણ મંદિરની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૪ :** નરેન્દ્ર મોદી શાસનના ૧૨ વર્ષ પુરા થવાને અને સૌથી વધુ દિવસ સુધી વડા-ધાન પદે રહેવાની સિદ્ધિને જન જન સુધી પહોંચાડવાનું બીડું ઝડપાયું છે

જેના ભાગરૂપે સાંસદ ધવલભાઈ પટેલ અને ભાજપ સંગઠનના મહત્વના હોદ્દેદારોએ ધરમપુર નગરના મહત્વના નગરજનો અને સંસ્થાને મળી નરેન્દ્ર મોદી સરકારની સિદ્ધિઓની ચર્ચા કરી હતી જેમાં ખાસ નગરમાં બનેલા શ્રી રામકૃષ્ણ મંદિરની મુલાકાત લઈ અહીંના આધ્યાત્મિક આદોલનોમાં તરબોળ થયા હતા જયાં એમણે શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ ધરમપુરની વિવિધ પ્રવૃતિઓની માહિતીઓ પણ મેળવી હતી.

## કપરાડામાં સરકાર દ્વારા વધુ એક નવી સરકારી માધ્યમિક શાળાને મંજૂરી અપાઇ

**દિક્ષલગામ વિસ્તારના આદિવાસી બાળકોને માધ્યમિક કક્ષાનું શિક્ષણ મળશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૪ :** આજના વિજ્ઞાન અને ટેક્નોલોજી યુગમાં બાળકોનું ઉચ્ચ શિક્ષણ અનિવાર્ય થઈ ગયું છે. જે અંગે રાજ્ય સરકાર સરકાર દ્વારા વખતો વખત જરૂરિયાત હોય તેવા તાલુકામાં બાળકોને વિનામૂલ્યે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનું શિક્ષણ મળી રહે તેવો અભિગમ રહ્યો છે. જેનું એક ઉત્તમ ઉદાહરણરૂપ કપરાડા તાલુકામાં વધુ એક સરકારે સરકારી માધ્યમિક શાળાની મંજૂરી આપી છે. કપરાડા તાલુકામાં બાળકોમાં શિક્ષણની ભૂખ જાગી છે. ત્યારે હજારો બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે. જેને ધ્યાનમાં રાખી કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના શિક્ષણ અને ખૂબ સારા પ્રયાસો રહ્યા છે. બાળકોને અભ્યાસ માટે દૂર સુધી જવું ન પડે અને સ્થાનિક કક્ષાએ માધ્યમિકનું શિક્ષણ બાળકોને તેવા પ્રયાસ કરવા માં આવી રહ્યા છે. જેની ફળશ્રુતિ દરેકે દિક્ષલ ગામે સરકારે નવી સરકારી માધ્યમિક શાળા ને મંજૂરી આપી દીધી છે અને હાલે ચાલુ સત્રથી ઍડમિશન શરૂ કરી દીધું છે. ત્યારે દીક્ષલ ગામ વિસ્તારના ૧૦થી વધુ ગામોના વિદ્યાર્થીઓને માધ્યમિક કક્ષાનું વિનામૂલ્યે શિક્ષણની સુવિધા મળશે. એક જાણકારી મુજબ હાલે શાળાઓનું પ્રથમ સત્ર શરૂ થઈ ચૂક્યું છે. ત્યારે આ નવી માધ્યમિક શાળા પ્રથમ સત્રનું એટમિશન આપશે. જેથી દિક્ષલ ગામ વિસ્તારના બાળકોને સ્થાનિક કક્ષાએ શિક્ષણ મળશે જેથી વાલીઓમાં ખુશી જોવા મળી રહી છે. ધો.૯માં બાળકો વંચિત રહી ગયા હોય તેવા બાળકોને એડમિશન માટે જણાવવામાં આવ્યું છે. આમ કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના પ્રયાસ બાદ નાનાપોંઢા ખાતે સરકારી કોલેજને મંજૂરી મળી હતી. હાલે દીક્ષલ ગામ ખાતે સરકારી માધ્યમિક શાળાને મંજૂરી મળતા લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

રોટરી ક્લબ ઓફ સુરત દ્વારા

## નાનાપોંઢાની શાળાઓમાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૪ :** નાનાપોંઢા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે રોટરી ક્લબ ઓફ સુરત દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને શિક્ષણ માટે જરૂરી સામગ્રી સમયસર મળી રહે તે હેતુથી રોટરી ક્લબ દ્વારા શાળા શરૂ થાય તે પહેલાં જ તમામ કીટની વ્યવસ્થા કરી સંબંધિત શાળાઓ સુધી પહોંચાડવામાં આવી હતી.

શાળાઓ ખુલતા જ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ સુરતની આ કામગીરી સેવા, વિશ્વાસ અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ખાસ વાત એ રહી કે શૈક્ષણિક કીટ શાળાઓ સુધી પહોંચાડ્યા બાદ કોઈપણ ટ્રસ્ટી કે સભ્ય વિતરણ કાર્યક્રમ દરમિયાન હાજર રહ્યા નહોતા. તેમણે શાળાના શિક્ષકો પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરી વિદ્યાર્થીઓ સુધી સામગ્રી પહોંચાડવાની જવાબદારી સોંપી હતી.

રોટરી ક્લબ દ્વારા આપવામાં આવેલી શૈક્ષણિક કીટમાં નોટબુક, પેન, પેન્સિલ, રબર, કંપાસ બોક્સ, ચિત્રકલા બુક, સ્કેચ પેન, પેન્સિલ કલર, ફૂટપટ્ટી સહિત વિવિધ ઉપયોગી શૈક્ષણિક સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સામગ્રી મળતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો તથા શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ રોટરી ક્લબ ઓફ સુરતનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સમાજના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે કરવામાં આવતી આવી સેવાકીય પ્રવૃત્તિઓ અન્ય સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## નાનાપોંઢામાં સફાઈ અભિયાન હાથ ધરાયું



**નાનાપોંઢા, તા. ૧૪ :** જિલ્લા કલેક્ટર નીતીન સાંગવાનના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાનમાં વિવિધ ગામોમાં જાહેર સંસ્થાઓ, સરકારી કચેરીઓ, હાટ બજારો, ધાર્મિક સંસ્થાઓની સાફ-સફાઈ કરવામાં આવી હતી. જે અંતર્ગત નાનાપોંઢા ગામમાં સ્વચ્છતા અભિયાનમાં કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, તાલુકા પ્રમુખ મનીષાબેન, ઉપ પ્રમુખ તુષારભાઈ, તાલુકા વિકાસ અધિકારી, ગામના સરપંચ પ્રીતેશભાઈ, તલાટી, ગ્રામજનો તેમજ સફાઈ કર્મચારીઓ દ્વારા સઘન સાફસફાઈ કરવામાં આવી હતી.

## કપરાડાના ધારાસભ્યએ સરકારી તાલુકા પુસ્તકાલયની મુલાકાત લીધી




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૪ :** પ્રાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને સર્વાંગી વિકાસના ગૌરવશાળી ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે, કપરાડા પુસ્તકાલય ખાતે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં પ્રગતિપથ યાત્રાજ્ઞં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો દ્વારા સ્થાનિક નાગરિકો સાથે અર્થપૂર્ણ સંવાદ કરવામાં આવ્યો હતો.

ધારાસભ્યએ ૧૨ વર્ષ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની ફળશ્રુતિ પર પ્રકાશ પાડ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ અને ખેડૂતોના હિત માટે લેવાયેલા પગલાંઓ તેમજ આત્મનિર્ભર ભારતના સંકલ્પે દેશના વિકાસને એક નવી અને મજબૂત દિશા આપી છે.

ઉપસ્થિત તમામ લોકો દ્વારા ભારતને પ્રગતિના શિખરે લઈ જવા અને વિકસિત ભારત @2047'ના નિર્માણના સ્વપ્નને સાકાર કરવામાં સક્રિયપણે સહભાગી બનવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ધરમપુરમાં શ્રી ગાયત્રી પ્રજ્ઞા મંદિરમાં મહાયજ્ઞ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૪ :** ધરમપુર પોલીસ સ્ટેશન સામે આવેલ ગાયત્રી પ્રજ્ઞા મંદિર ખાતે શ્રી ગાયત્રી માતાજીના ૨૬મા પાટોત્સવ નિમિત્તે મંગળવારે ગાયત્રી પરિવાર દ્વારા પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ, વિવિધ ધાર્મિક વિધિઓ તેમજ રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવ્યો હતો.

સવારે ૮:૩૦ કલાકથી પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ધર્મધજા આરોહણ અગ્રણી વેપારી સંજય કે. રાંચના હસ્તે કરવામાં આવ્યું હતું. દીપ-ગટ્ય એડવોકેટ વિનોદભાઈ આર. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ગુરુદેવ પૂજન નિવૃત્ત પ્રોફેસર વજીરભાઈ હરકણીયાના હસ્તે સંપન્ન થયું હતું. કળશ પૂજન એડવોકેટ જયદીપસિંહ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું. યજ્ઞશાળામાં પ્રવેશની વિધિ ડો. અંકિત એમ. દશોદીના હસ્તે કરાવવામાં આવી હતી. જ્યારે ગણેશ પૂજન ધરમપુર નગરપાલિકાના ચેરમેન સમીપભાઈ રાંચના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વંદનીય માતાજી પૂજન, ગાયત્રી માતા પૂજન તેમજ નવગ્રહ દેવતા પૂજન સહિતની વિવિધ ધાર્મિક વિધિઓ ભક્તિભાવપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી. બપોરે ૧૨:૩૦ કલાકે મહાયજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ બ્લડ સેન્ટરના સહયોગથી સવારે ૯:૦૦ કલાકથી બપોરે ૨:૩૦ કલાક સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં અનેક રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ માનવસેવાનું કાર્ય કર્યું હતું. રક્તદાન કરનાર તમામ દાતાઓને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનમાં ગાયત્રી પરિવારના પ્રમુખ ધીરજસિંહ દેસાઈ તથા સમસ્ત ગાયત્રી પરિવાર દ્વારા જરૂરી સહયોગ અને સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સમગ્ર પરિસરમાં ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું.

## કપરાડા-નાનાપોંઢાના જંગલોનો સફાયો

**વનવિભાગની નિષ્ક્રિયતા કે વ્યવસ્થાની નિષ્ફળતા?**

દક્ષિણ ગુજરાતના કપરાડા અને નાનાપોંઢા તાલુકા પ્રાકૃતિક સંપત્તિ અને ગાઢ જંગલો માટે જાણીતા રહ્યા છે. એક સમય હતો જ્યારે આ વિસ્તાર હરિયાળીથી છલકાતો હતો, વન્યજીવોની ચહલપહલ જોવા મળતી હતી અને જંગલો સ્થાનિક લોકોના જીવનનો અભિન્ન ભાગ હતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં વનવિભાગ હસ્તકની જમીનોમાં ખેતીના નામે ઈમારતી વૃક્ષો અને અન્ય કિંમતી વનસ્પતિનો સતત નાશ થતો જોવા મળી રહ્યો છે. પરિણામે અનેક વિસ્તારોમાં જંગલોનો સફાયો થઈ ગયો છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ બધું થતું હોવા છતાં વનવિભાગ આંખ આડા કાન કેમ કરે છે?

દર વર્ષે વનવિભાગ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વૃક્ષારોપણના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. રેન્જ ફોરેસ્ટ અને બીટ કચેરીઓ દ્વારા હજારોની સંખ્યામાં નવા છોડનું વાવેતર કરવામાં આવે છે. સરકારી અહેવાલોમાં પણ વૃક્ષારોપણના આંકડા ગૌરવપૂર્વક રજૂ કરવામાં આવે છે. પરંતુ જો વાસ્તવિકતા જોવા જવામાં આવે તો ઘણા વિસ્તારોમાં વાવેલા છોડ પાંચ વર્ષ પણ ટકી શકતા નથી. જ્યાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હોય ત્યાં થોડા વર્ષો બાદ ફરીથી સફાયો થઈ જાય છે અને લોકો ખેતી કરવા લાગી જાય છે. આ સ્થિતિ અનેક પ્રશ્નો ઉભા કરે છે.

વૃક્ષારોપણ કરવું એ જંગલ વિકાસની માત્ર શરૂઆત છે. છોડ વાવી દેવાથી જંગલ ઊભું થઈ જતું નથી. તેના માટે સતત દેખરેખ, જતન અને સંરક્ષણ જરૂરી હોય છે. પરંતુ અનેક કિસ્સાઓમાં એવું જોવા મળે છે કે વૃક્ષારોપણ બાદ વનવિભાગ દ્વારા જરૂરી કાળજી લેવામાં આવતી નથી. છોડને પાણી આપવાની વ્યવસ્થા, રક્ષણાત્મક વાડ, સમયાંતરે નિરીક્ષણ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી જેવી બાબતોમાં ઉદાસીનતા જોવા મળે છે. પરિણામે લાખો રૂપિયાના ખર્ચે વાવવામાં આવેલા છોડ નાશ પામે છે.

કપરાડા અને નાનાપોંઢાના ઘણા જંગલ વિસ્તારોમાં વર્ષો પહેલાં કરવામાં આવેલા વૃક્ષારોપણના સ્થળો આજે ખેતીની જમીનમાં ફેરવાઈ ગયા છે. જો પાંચ વર્ષ સુધી વનવિભાગે નિયમિત દેખરેખ રાખી હોત તો આ વિસ્તાર આજે ગાઢ જંગલમાં પરિણમ્યો હોત. પરંતુ એવું બન્યું નથી. આથી લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે વનવિભાગનું ધ્યાન માત્ર કાગળ પરના કામ અને આંકડાઓ પૂરતું જ સીમિત બની ગયું છે.

સ્થાનિક લોકોનું માનવું છે કે નવા છોડ રોપવા કરતાં પહેલાથી જ ઉછરેલા વૃક્ષો અને કુદરતી રીતે વિકસતા છોડનું સંરક્ષણ વધુ જરૂરી છે. જંગલમાં એકવાર વૃક્ષો વિકસિત થાય પછી તેઓ હજારો નવા છોડને જન્મ આપે છે. કુદરતી પુનર્જનન દ્વારા જંગલ વધુ મજબૂત અને ટકાઉ બને છે. પરંતુ તેના



**નાનાપોંઢાનો પત્ર**
**ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

બદલે દર વર્ષે નવા પ્લાન્ટ તૈયાર કરીને વૃક્ષારોપણના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ કામગીરીથી ખર્ચના આંકડા તો વધે છે, પરંતુ જંગલોના વાસ્તવિક વિકાસમાં ખાસ ફાયદો થતો નથી.

એક મહત્વનો પ્રશ્ન એ પણ છે કે ગત પાંચ વર્ષ કે દસ વર્ષમાં કરવામાં આવેલા વૃક્ષારોપણમાંથી કેટલા વૃક્ષો જીવંત છે? કેટલા વિસ્તારમાં જંગલનો વિકાસ થયો છે? અને તેમાંથી સરકારને કે પર્યાવરણને શું લાભ મળ્યો છે? આવા પ્રશ્નના સ્પષ્ટ જવાબ સામાન્ય લોકોને મળતા નથી. વનવિભાગના દફતરોમાં કદાચ આંકડાઓ ઉપલબ્ધ હશે, પરંતુ જમીન પર તેની અસર બહુ ઓછી દેખાય છે. આજે સમગ્ર વિશ્વ પર્યાવરણ સંરક્ષણ માટે ચિંતિત છે. આબોહવા પરિવર્તન, વધતું તાપમાન, અનિયમિત વરસાદ અને કુદરતી આફતો જેવી સમસ્યાઓ સામે જંગલો સૌથી મોટું રક્ષણ છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઇડ શોષીને પર્યાવરણનું સંતુલન જાળવે છે. જંગલો પાણીના સ્ત્રોતોને જીવંત રાખે છે અને જૈવ વૈવિધ્યતાનું સંરક્ષણ કરે છે. તેથી જંગલોનું સંવર્ધન માત્ર એક વિભાગની જવાબદારી નથી, પરંતુ સમગ્ર સમાજ માટે આવશ્યક કાર્ય છે.

પરંતુ જ્યારે જંગલોની સુરક્ષા માટે જવાબદાર વિભાગ જ નિષ્ક્રિય જણાય ત્યારે ચિંતા વધે છે. એક સમય હતો જ્યારે રેન્જર અને બીટગાર્ડ નિયમિત રીતે જંગલોમાં પેટ્રોલિંગ કરતા હતા. જંગલમાં ગેરકાયદે કાપકૂપ, દબાણ કે આગ જેવી ઘટનાઓ સામે તરત કાર્યવાહી થતી હતી. આજે ટેક્નોલોજી અને વાહનવ્યવસ્થા વધી હોવા છતાં મેદાનમાં દેખરેખ ઓછી થઈ ગઈ હોવાનું લોકો અનુભવે છે. અનેક અધિકારીઓનો સમય દફતરી કામગીરી અને અહેવાલોમાં જ પસાર થતો હોવાની ફરિયાદો સાંભળવા મળે છે.

જંગલ બચાવવા માટે સૌથી જરૂરી બાબત સતત દેખરેખ અને સ્થાનિક લોકોની ભાગીદારી છે. જો ગ્રામજનોને સાથે રાખીને જંગલ સંરક્ષણની કામગીરી કરવામાં આવે, ગેરકાયદે દબાણો સામે કડક કાર્યવાહી થાય અને વાવવામાં આવેલા છોડના જીવંત રહેવાના દરનું મૂલ્યાંકન કરવામાં આવે તો જંગલોનું વાસ્તવિક સંવર્ધન શક્ય બને. માત્ર વૃક્ષારોપણના આંકડા રજૂ કરવાથી પર્યાવરણનું રક્ષણ થઈ શકતું નથી.

કપરાડા અને નાનાપોંઢા જેવા આદિવાસી વિસ્તારોમાં જંગલો માત્ર કુદરતી સંપત્તિ નથી, પરંતુ હજારો પરિવારોના જીવનનો આધાર છે. તેથી જંગલોનું સંરક્ષણ અને વિકાસ અત્યંત મહત્વપૂર્ણ છે. વનવિભાગે કાગળ પરના વિકાસને બદલે જમીન પર દેખાતો વિકાસ પ્રાથમિકતા બનાવવો પડશે. જૂના જંગલોનું જતન, કુદરતી રીતે ઉછરતા છોડનું સંરક્ષણ અને ગેરકાયદે જંગલ સફાયા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે ત્યારે જ હરિયાળો વારસો આગામી પેઢી સુધી જળવાઈ શકશે.

આજની જરૂરિયાત નવા વૃક્ષો વાવવાની સાથે સાથે પહેલેથી અસ્તિત્વમાં રહેલા જંગલોને બચાવવાની છે. જો વનવિભાગ પોતાની મૂળ જવાબદારીને પ્રામાણિકતાથી નિભાવે, મેદાનમાં સક્રિય બને અને જંગલ સંરક્ષણને -ાથમિકતા આપે, તો કપરાડા અને નાનાપોંઢાના જંગલો ફરી એકવાર હરિયાળીથી છલકાતા બની શકે છે. નહીં તો વૃક્ષારોપણના આંકડા વધતા રહેશે અને જંગલો સતત ઘટતા રહેશે.

## કપરાડા તાલુકામાં પિનકોડ બદલવા કોની રાહ જોવાય છે ?

**પ્રજા હજુ સરકારી અધિકારીઓને કેટલા આવેદનપત્રો આપશે ?**

વલસાડ જિલ્લાના અંતરીયાળ અને બહુધા આદિવાસી વસ્તી ધરાવતો કપરાડા તાલુકામાં લોકોને નાની મોટી સમસ્યા અંગે તંત્રને કરવામાં આવતી રજૂઆતો માત્ર રમત લાગે છે. એવું કહેવું કોઈ અતિશયોક્તિ નથી. પરંતુ નાની નાની સમસ્યા માટે તંત્રની આંખ ખોલવા માટે આવેદનપત્રો આપવા પડે છે. જે આ વિસ્તારની ગરીબ આદિવાસી પ્રજાની કમનસીબી છે. તાલુકા લેવલે થયેલી રજૂઆતો અને આવેદનપત્રોની સરકારી બાબુઓ પર કોઈ અસર પડતી નથી. ત્યારે મુશ્કેલી વેઠી રહેલી પ્રજાને ઉચ્ચસ્તરીય આવેદનપત્રો આપવા મજબૂર થવું પડે છે. જેનું એક જીવંત ઉદાહરણરૂપ કપરાડા તાલુકાના ૯૯ ગામોના જૂના પિનકોડ ૩૯૬૦૬૬પને બદલે નવો પિનકોડ ૩૯૬૦૬૭ હોવાનું જાણવા મળે છે. છતાં તાલુકાનું સરકારી તંત્ર દ્વારા ડિજિટલ સિસ્ટમોમાં ફેરફાર કરવામાં આવ્યો નથી જેને લઈ લોકો મુશ્કેલી વેઠી રહ્યા છે.

જેમાં ખાસ કરીને અભ્યાસ કરતા બાળકોને અપાર આઇ.ડી ઉપરાંત અન્ય દસ્તાવેજો માટે એક વર્ષથી લોકોના કામો ખોરંભે પડી રહ્યા હોવાને લઈ કપરાડા તાલુકાનું સેવાભાવી નવનિર્માણ ચેરિટેબલ ટેસ્ટ દ્વારા લોકોની પડી રહેલી મુશ્કેલી દૂર કરવા મેદાને ઉતર્યું છે અને જે અંગે જિલ્લા કલેક્ટરને લેખિતમાં આવેદનપત્ર આપી તાત્કાલિક પિનકોડ સરકારી સિસ્ટમમાં કાર્યરત કરવાની માંગ કરી હોવાનું જાણવા મળે છે. જે અંગે નવનિર્માણ



**કપરાડાનો પત્ર**
**જગદીશ ભોયા, કપરાડા**

ચેરિટેબલ ટેસ્ટના આગેવાનો દ્વારા જણાવ્યું કે જિલ્લા કલેકટરે પણ જે અંગે ગંભીરતા દાખવી ટુંક સમયમાં જ સંબંધિત વિભાગ સાથે સંકલન કરી પિનકોડ બદલવાની કામગીરી પૂર્ણ કરાશેનો સંતોષકારક જવાબ મળતા લોકોને ખુશી સાથે રાહ જોવી પડશે. કેટલી રાહ જોવી પડશે એ તો આગામી સમય જ બતાવશે પરંતુ જિલ્લા વડાની ખાતરી પર લોકો પૂર્ણ વિશ્વાસ મૂકી સંતોષ અનુભવ્યો છે. ઉલ્લેખનીય છે. કપરાડા તાલુકામાં કથળેલો વહીવટની ગવાહી પૂરે છે કે પ્રજાની કોઈ પણ સમસ્યા હોય લોકોને સમજ પ પાડવી અને કોઈ પણ સમસ્યા માટે સંતોષકારક જવાબ આપવા સરકારી બાબુઓ ટેવાયા નથી. જેથી પ્રજાને કચેરીઓમાં વારંવાર ધક્કા ખાવા પડે છે. જેના કારણે લોકોના સમય અને આર્થિક રીતે નુકશાન વેઠવાનો વારો આવે છે. ભૂતકાળમાં પણ કપરાડા તાલુકામાં નાની મોટી કોઈ પણ સમસ્યા હોય આગેવાનો દ્વારા મૌખિક રજૂઆતો કરવામાં આવે તો સરકારી તંત્રનું પેટનું પાણી પણ હાલતુ નથી. તેથી લોકોએ લેખિતમાં આવેદનપત્રો આપવા મજબૂર બને છે. કપરાડા તાલુકામાં વર્ષોથી વિવિધ સમસ્યા અંગેના ઢગલાબદ્ધ આવેદપત્રો પડ્યા હશે.

છતાં તંત્ર દ્વારા સમસ્યાનું નિરાકાર માટે કોઈ રસ દાખવ્યો નથી. ત્યારે પ્રશ્ન એ થાય છે. કપરાડા તાલુકાની કોઈ પણ સમસ્યા માટે પ્રજા તાલુકા કે જિલ્લામાં આવેદનપત્રો જ આપતી રહશે ? જેવા પ્રશ્નો અંગે જવાબદાર ઉચ્ચઅધિકારીઓ, પદાધિકારીઓ સક્રીય બને અને કપરાડા તાલુકાના કથળેલો વહીવટને પ્રજાની સુખાકારી માટે સુયોગ્ય કરે તેવી લોકો ની માંગ ઉઠી રહી છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Monday 15, June 2026


## કભી નરમ, કભી ગરમ ટ્રમ્પ

અમેરિકા અને ઈરાન વચ્ચે વધુ એકવાર યુદ્ધનો રાઉન્ડ શરૂ થયાના ગણતરીના કલાકોમાં જ ડોનાલ્ડ ટ્રમ્પે નરમ વલણ લીધું છે. અમેરિકી પ્રમુખે કહ્યું છે કે, તેહરાન સાથે લડાઇ પોતે બંધ કરી રહ્યા છે અને બહુ જલ્દી સંધિ થઇ જશે. બીજી તરફ ઈરાને પણ હોર્મુઝ ખાડી ખોલી નાખવાના સંકેત આપ્યા છે. લાંબા સમયથી સર્જાયેલો તનાવ હળવો થવાની ઉજળી સંભાવનાએ શેરબજારનો મૂડ સુધારી દીધો છે. શુક્રવારે મુંબઇ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક ૧૭૦૦ અંક ઉછળતાં રોકાણકારોને ૧૦ લાખ કરોડનો ફાયદો થયો છે. ઉનાળાની કાળઝાળ ગરમીથી જનજીવન અને પ્રકૃતિ બેહાલ હોય ને વરસાદી વાદળ વરસે ત્યારે કેવી રાહત અનુભવાય એવું જ કંઇક શ્રીમાન ટ્રમ્પના હળવા બનેલા મિજાજ પછી જણાઇ રહ્યું છે, પરંતુ આ વાદળ રાહતનાં છે કે નહીં એ કહેવું અનિશ્ચિતતાભર્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સામેનાં યુદ્ધ પછી ત્રીસથી વધુ વાર ડીલ કે સમજૂતીનું એલાન કરી ચૂક્યા છે. અભી બોલા અભી ફોક કરવું એમના માટે નવી વાત નથી. ટ્રમ્પની માન્યતા કે ધારણા કે પ્રસ્તાવને ઈરાન કઇ રીતે સ્વીકારે છે એ જોવું મહત્ત્વનું બની રહેશે. ટ્રમ્પ ઈરાન પાસેથી હોર્મુઝ જળમાર્ગ વિનાશરત ખુલ્લો મુકાય અને પરમાણુ કાર્યક્રમ પડતો મુકાય એવી ખાતરી માગી રહ્યા છે, જેનો તેહરાનના શાસકો તરફથી ઈન્કાર થતો આવ્યો છે. આ લખાય છે ત્યારે ઈરાની વિદેશમંત્રીએ પણ હકારાત્મક પ્રતિસાદમાં જણાવ્યું છે કે, સમજૂતી તરફ આગળ વધી રહ્યા છીએ અને બહુ જલ્દી જાહેરાત કરવામાં આવશે. ટ્રમ્પ કેવા અણધાર્યા છે એનો ખ્યાલ એ વાત પરથી આવશે કે, હજુ ગુરુવારે રાત્રે જ તેમણે ઈરાનને નેસ્તનાબૂદ કરવાની આકરી ધમકી આપી હતી. ગુરુવારે સવારે જ અમેરિકાએ ઈરાન પર હવાઇ હુમલા કર્યા હતા. જેના જવાબમાં ઈરાને બહેરીન, કુવૈત અને જોર્ડનને નિશાન બનાવતાં મિસાઈલ-ડ્રોન છોડયાં હતાં. અખાતી દેશના કુલ ૧૮ સ્થાનો ઈરાનનું લક્ષ્ય બન્યાં હતાં. અમેરિકા-ઈઝરાયલની સંયુક્ત શક્તિને પહોંચી વળવું ઈરાન માટે લાંબાગાળે શક્ય ન જ હોય, છતાં તેણે પોતાની વ્યૂહાત્મક પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને લશ્કરી આક્રમણનો લગાતાર મજબૂત જવાબ આપ્યો છે. અમેરિકી રક્ષાકવચ હેઠળ રહેલા અખાતી દેશોમાં અમેરિકી થાણાઓ અને રિફાઇનરીઓને નિશાન બનાવીને ઈરાને ટ્રમ્પ પર દબાણ અજમાવ્યું છે.

### G-7 શિખર સંમેલન પહેલાં તેમણે ફ્રાન્સના નીસ શહેરમાં રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત

# AIની રેસમાં ભારત આગળ નીકળી શકે છે : મેક્રોન



### નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનએ ફ્રાન્સના નીસ શહેરમાં સંયુક્ત રીતે 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)
પેરિસ, તા.૧૪:વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ફ્રાન્સ અને સ્લોવાકિયાની યાત્રા પર છે, જ્યાં G-7 શિખર સંમેલન પહેલાં તેમણે ફ્રાન્સના નીસ શહેરમાં રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી હતી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે યોજાયેલી આ બેઠકમાં બંને નેતાઓએ સંયુક્ત રીતે 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ મેક્રોને પીએમ મોદીની જોરદાર પ્રશંસા કરતા જણાવ્યું હતું કે ભારત AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ના ક્ષેત્રમાં સમગ્ર વિશ્વમાં સૌથી આગળ નીકળી શકે છે. નીસમાં આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ભારતની ટેકનોલોજી ક્ષમતાની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે હવે સવાલ એ નથી કે ભારત ઈનોવેશન કરી રહ્યું છે કે નહીં, પરંતુ સવાલ એ છે કે ભારતની ભાગીદારી સાથે કોણ ઈનોવેશન કરશે. આ વર્ષે ફેબ્રુઆરીમાં મુંબઈ ખાતે શરૂ થયેલા 'ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષ'ના સંદર્ભમાં આ કાર્યક્રમ બંને દેશોના ભવિષ્યના સંબંધો માટે મહત્વનો સાબિત થશે.

કાર્યક્રમને સંબોધિત કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, દુનિયાના દેશો માત્ર વેપાર કે વહિવટી ભાગીદારી કરે છે, પરંતુ ભારત અને ફ્રાન્સના સંબંધો એક સમાન વિઝન અને અતૂટ વિશ્વાસથી જોડાયેલા છે. આ સંબંધો પરસ્પર હિતોથી પણ ઉપર છે. બંને દેશોએ સાથે મળીને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ અને છૈં સંવાદ જેવા મંચ પર માનવતા સામેના વૈશ્વિક પડકારોનો ઉકેલ લાવવાનો પૂરો પ્રયાસ કર્યો છે.

રાષ્ટ્રપ્રમુખ મેક્રોને પીએમ મોદીને ફ્રાન્સની મુલાકાત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉલ્લેખ કર્યો કે પીએમ મોદી આઝાદી પછી ભારતમાં સૌથી લાંબો સમય સેવા આપનારા વડાપ્રધાન બન્યા છે. મેક્રોનના મતે, પીએમ મોદીની આ લાંબી રાજકીય સફર તેમના મક્કમ ઈરાદા અને ભારત દેશની મજબૂતીને દર્શાવે છે, જે વૈશ્વિક સ્તરે ખરેખર પ્રશંસનીય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનએ ફ્રાન્સના નીસ શહેરમાં સંયુક્ત રીતે 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભારત, ફ્રાન્સ અને અન્ય દેશોના મુખ્ય ઈનોવેશન સ્ટાર્ટઅપ્સ અને વેન્ચર કેપિટલ ફંડ્સ એક સાથે જોડાયા હતા. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, દુનિયાના વિવિધ દેશો એકબીજા સાથે વેપાર કરે છે અને વિવિધ દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી પણ હોય છે, પણ કેટલાક સંબંધો એવા હોય છે જે માત્ર સહભાગી રસથી નહીં, પણ સહભાગી વિઝનથી પણ આગળ વધે છે. ભારત અને ફ્રાન્સનો સંબંધ એવો જ છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે ભારત-ફ્રાન્સના સંબંધો જોડાણ, દૃઢ વિશ્વાસ, નવીનતા, પ્રેરણા, સહભાગી મૂલ્યો અને સહભાગી વિઝન પર આધારિત છે. આ જ મજબૂત આધાર પર છેલ્લા કેટલાક વર્ષોમાં અમે સાથે મળીને નવી પહેલ શરૂ કરી છે અને વૈશ્વિક પડકારોના ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો છે. બંને દેશો હંમેશા સાથે ચાલ્યા છે. આજે અમને આનંદ છે કે 'ભારત ઈનોવેટ્સ'ની શરૂઆત પણ ફ્રાન્સ સાથે થઈ રહી છે. અહીં આવવા બદલ હું મારા મિત્ર ઈમેન્યુઅલ મેક્રોનનો આભાર માનું છું.

તેમણે કહ્યું કે, ''ઈમેન્યુઅલ મેક્રોને તાજેતરમાં ભારતની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે આ સદીના પડકારોનો ઉકેલ લાવવા માટે ભારત અને ફ્રાન્સને સાથે મળીને આગળ વધવું પડશે. આજે હું ગર્વથી કહી શકું છું કે આ પહેલ એ જ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

'ભારત ઈનોવેટ્સ' જેવા અનેક પ્લેટફોર્મ ભારતના ટેલેન્ટ અને યુરોપિયન કેપિટલ વચ્ચે એક બ્રિજ બની રહ્યા છે. એવું પ્લેટફોર્મ જ્યાં ભારતના યુવાનોને યુરોપિયન એક્સપર્ટ્સ સાથે જોડાવાનો મોકો મળી રહ્યો છે.''

તેમણે વધુમાં કહ્યું, ''આજે ૨૧મી સદીનું ભારત બદલાવના એક મોટા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.

આજે ભારતમાં સ્ટાર્ટઅપ રિવોલ્યુશન ચાલી રહ્યું છે. આ પરિવર્તનમાં ભારતના યુવાનો નવી વિચારસરણી સાથે માનવતાના હિતમાં સમસ્યાઓના ઉકેલ શોધી રહ્યા છે. આપણા યુવાનોના વર્લ્ડ-ક્લાસ સોલ્યુશન્સને વૈશ્વિક મંચ પર લાવવાનો માધ્યમ એટલે 'ભારત ઈનોવેટ્સ' છે.''

# આજે નવી ઉદ્યોગ નીતિ-વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭ પહેલાં નીતિગત મેગા બ્લૂપ્રિન્ટ રજૂ થશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**
**અમદાવાદ,તા.૧૪ :** રાજ્ય સરકારના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ૧૫મી,જૂનના સોમવારે નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરશે ત્યારે આ નવી ઔદ્યોગિક નીતિમાં નવા મોટા રોકાણકારો માટો આર્થિક સહાય, મૂડીરોકાણ-સાધન ખરીદી સામે વ્યાજ સહાય, સબસીડી, વિવિધ પ્રોત્સાહનો, વિવિધ વેરાઓમાં રાહત કે માફી ઉપરાંત જમીનની ઉપલબ્ધતા સહિતના મુદ્દાઓમાં વધઘટ જેવી બાબતો ઉપર તો સૌની નજર રહેશે પરંતુ વાસ્તવમાં આ વખતની નવી નીતિ દ્વારા ગુજરાતનો આગામી દાયકાના ઔદ્યોગિક DNAને કેવી રીતે ઘડાશે, ગુજરાત કયા પ્રકારના રોકાણોને -નથમિકતા આપશે અને વૈશ્વિક અર્થવ્યવસ્થાના બદલાતા પ્રવાહોમાં પોતાની ભૂમિકાને કેવી રીતે નિર્ધારિત કરશે ? જેવા મુદ્દાઓ મુખ્ય રહે તેવી શક્યતા છે. નવી ઔદ્યોગિક નીતિ માત્ર આગામી પાંચ વર્ષની પ્રોત્સાહન યોજના નહીં પરંતુ રાજ્ય આગામી દાયકામાં કયા પ્રકારના ઉદ્યોગો, કઈ પ્રકારની ટેક્નોલોજી અને કયા પ્રકારના રોકાણકારોને પ્રાથમિકતા આપવા માંગે છે તેનું જાહેર ઘોષણાપત્ર-રોડમેપ સાબિત થઈ શકે છે. પ્રાપ્ત સંકેતો મુજબ ગુજરાત, હવે વૈશ્વિક સ્પર્ધા, ટેક્નોલોજી આધારિત ઉત્પાદન, સેમિકન્ડક્ટર, AI,ડિજિટલ સેવાઓ, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ-GCC અને સંરક્ષણ ઉત્પાદન જેવા નવા ક્ષેત્રોના ઉદય વચ્ચે માત્ર પરંપરાગત પ્રોત્સાહન આધારિત મોડલ પૂરતું સીમિત નહીં રહે પરંતુ ગુજરાત હવે નવા ઉદ્યોગો સ્થાપિત કરવાના તબક્કાથી આગળ વધીને સંપૂર્ણ ઔદ્યોગિક ઇકો-સિસ્ટમ ઊભું કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. MSME, સેવા-સર્વિસ અર્થતંત્ર, ઈનોવેશન, અદ્યતન ઉત્પાદન, ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓ અને વ્યૂહાત્મક ક્ષેત્રો આગામી વિકાસ એજન્ડાના કેન્દ્રમાં સ્થાન મેળવી શકે છે. સેમિકન્ડક્ટર, રોબોટિક્સ, ડ્રોન, એરોસ્પેસ, ડિફેન્સ અને અદ્યતન ઉત્પાદન જેવા ક્ષેત્રોની ચર્ચા વધુ જોવા મળી રહી છે.

છેલ્લા કેટલાક સમયથી સ્માર્ટ જીઆઈડીસી, તૈયાર ઔદ્યોગિક શેડ, પૂર્વ-મંજૂર સુવિધાઓ અને ઝડપી કાર્યારંભ માટેની વ્યવસ્થાઓ પર ભાર વધતો જોવા મળી રહ્યો છે.

ભવિષ્યમાં રોકાણકારો માટે સૌથી મોટું પ્રોત્સાહન માત્ર સબસીડી નહીં પરંતુ સમય બચાવતી અને તરત કાર્યરત થઈ શકે તેવી ઔદ્યોગિક વ્યવસ્થા બની શકે છે. અત્યાર સુધી ગુજરાતની ઔદ્યોગિક નીતિઓનો મુખ્ય આધાર લાંબા સમય સુધી મેન્યુફેક્ચરિંગ રહ્યો છે પરંતુ હવે, GCC, ફિનટેક, ડિજિટલ સેવાઓ, એન્જિનિયરિંગ ડિઝાઇન અને જ્ઞાન આધારિત ઉદ્યોગોના વિસ્તરણ વચ્ચે સેવા ક્ષેત્રને પણ વિકાસના મહત્વપૂર્ણ સ્તંભ તરીકે જોવાનો અભિગમ વિકસી રહ્યો છે. એરોસ્પેસ અને ડિફેન્સ ક્ષેત્રને પણ લાંબા ગાળાના વ્યૂહાત્મક અવસર તરીકે જોઈ રહ્યું છે. ઉદ્યોગ જગત માટે હવે પ્રશ્ન માત્ર કેટલી સહાય મળશે ? એ નહીં પરંતુ પ્રોજેક્ટ કેટલો ઝડપથી શરૂ થઈ શકશે ? એ બની રહેશે. અગાઉની નીતિઓમાં જમીન અને નાણાકીય પ્રોત્સાહનોને મહત્વ આપવામાં આવતું હતું. હવે સ્માર્ટ જીઆઈડીસી, તૈયાર ઔદ્યોગિક શેડ, પૂર્વ-મંજૂર સુવિધાઓ અને ઝડપી કાર્યારંભ માટેના પ્લગ-એન્ડ-પ્લે મોડલ પર ભાર વધતો દેખાઈ રહ્યો છે. અત્યાર સુધી ગુજરાતની ઔધોગિક નીતિઓમાં ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપિત કરો, જેવા વિચારમાંથી બાહર નીકળીને હવે સરકારી નવી ઔધિગક નીતિમાં ગુજરાતમાં આવો અને વ્યૂહાત્મક, ટેક્નોલોજી આધારિત અને વૈશ્વિક સ્પર્ધાત્મક ઈકો-સિસ્ટમનો ભાગ બનો, જેવી નીતિ પર વધુ મદાર રખાશે એમ મનાય છે. નવી ઔદ્યોગિક નીતિમાં શું હોઈ શકે ? ૧. અલ્ટ્રા નેગા ઈન્ડસ્ટ્રીઝ નામની નવી શ્રેણી, જેમાં રુ. ૧૦,૦૦૦ કરોડ કે તેથી વધુ રોકાણ, મોટા પાયે રોજગારી સર્જન, કેસ-ટુ-કેસ પ્રોત્સાહન જેવી વ્યવસ્થા જોવા મળી શકે.૨. સબસીડીથી વધુ પ્લગ-એન્ડ-પ્લે એટલે કે અમે માત્ર સહાય નહીં, પણ તૈયાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપીશું. ૩. થ્રસ્ટ સેકટરમાં સેમિકન્ડકટર ઈકો સિસ્ટમ, ડ્રોન મેન્યુફેકચરીંગ, રોબોટીક્સ, એડવાન્સ મેન્યુફેકચરીંગ, એરોસ્પેસ, ડિફેન્સ, સરક્યુલર ઈકોનોમી, રી-સાયકલ ઈન્ડસ્ટ્રિઝ ૪. સર્વિસ સેકટરને પ્રથમ વખત વધુ સ્થાન અપાશે, જેમાં જીસીસી, IT-ITES, ડિઝાઈન સર્વિસ, એન્જીનિયરીંગ, ડીઝીટલ બિઝનેસને પણ પ્રોત્સાહક માળખામાં સ્થાન મળી શકે. ૫. MSME કલસ્ટરને સપોર્ટ, ટેકનોલોજી અપગ્રેડેશન, ક્વોલીટી સરટીફિકેશન સપોર્ટ, એક્સપોર્ટ પ્રમોશન સપોર્ટ વધુ મજબૂત બનાવાય. ૬. રોજગારી આધારિત એકમોને વધુ પ્રોત્સાહન અપાશે ૭. ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસ ૨.૦ એટલે કે સિંગલ વીન્ડો સિસ્ટમ, સેલ્ફ સર્ટીફિકેશન, સમયબદ્ધ મંજૂરી, ઓનલાઈન અનુમતિ મજબૂત કરાશે૮. ગ્રીન અને સસ્ટેનેબલ ઉદ્યોગોને પ્રાથમિકતા એટલે કે વેસ્ટ રી-સાયકલીંગ, વોટર રીયુઝ, એનર્જી એફિસન્સી, ગ્રીન મેન્યુફેકચરીંગનો સમાવેશ.

# ઈરાન-અમેરિકા ડીલ પર ગ્રહણ?

### ઈઝરાયલે ટ્રમ્પની આશાઓ પર પાણી ફેરવ્યું, લેબેનૉન પર ભીષણ હુમલા

(સંપૂર્ણ સમાચાર સેવા)
લેબેનોન, તા.૧૪ : મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવાના અમેરિકાના પ્રયાસોને રવિવારે સવાર થતાં જ એક મોટો આંચકો લાગ્યો છે. એક તરફ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત એવો દાવો કરી રહ્યા છે કે રવિવારે યુએસ અને ઈરાન વચ્ચે એક ઐતિહાસિક શાંતિ કરાર થઈ શકે છે, પરંતુ બીજી તરફ ઈઝરાયલ અટકવાનું નામ નથી લઈ રહ્યું. ઈઝરાયલે દક્ષિણ લેબેનૉન પર ફરીથી તીવ્ર હવાઈ હુમલા શરૂ કરી દીધા છે. આ નવા સૈન્ય એક્શન બાદ હવે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે આટલા તણાવપૂર્ણ માહોલમાં યુએસ-ઈરાન શાંતિ કરાર કેવી રીતે શક્ય બનશે?

આ વૈશ્વિક રાજદ્વારી ડ્રામા વચ્ચે ઈરાને પોતાનું વલણ અત્યંત કડક કરી લીધું છે. ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર, પ્રસ્તાવિત યુએસ-ઈરાન શાંતિ કરારના ફ્રેમવર્કની પહેલી અને સૌથી અનિવાર્ય શરત એ જ છે કે લેબેનૉન સહિત તમામ મોરચે ઈઝરાયલે પોતાની સૈન્ય કાર્યવાહી અને ગોળાબારૂદનો ઉપયોગ તાત્કાલિક બંધ કરવો પડશે.

ઈરાનની આ સ્પષ્ટ શરત હોવા છતાં, ઈઝરાયલે દક્ષિણ લેબેનૉનમાં હિઝબુલ્લાહ અને અન્ય સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવીને ભારે બોમ્બમારો ચાલુ રાખ્યો છે. આવી સ્થિતિમાં ટ્રમ્પનો 'સંડે ડીલ'નો દાવો મુશ્કેલીમાં મૂકાઈ ગયો છે, કારણ કે જ્યાં સુધી ઈઝરાયલ પાછળ નહીં હટે ત્યાં સુધી ઈરાન કોઈપણ દસ્તાવેજ પર સહી કરવા તૈયાર નથી.

આકાશમાંથી વરસી રહેલી મિસાઈલો અને જમીન પર થતાં ધડાકા સ્પષ્ટ સંકેત આપી રહ્યા છે કે ઈઝરાયલ હાલ પૂરતું કોઈ વૈશ્વિક દબાણમાં આવવાના મૂડમાં નથી. જોકે વ્હાઈટ હાઉસ છેલ્લા કેટલાય દિવસથી સતત દાવા કરી રહ્યું છે કે તેઓ ઈઝરાયલ અને લેબેનૉન વચ્ચે સીઝફાયર માટે પ્રયાસો કરી રહ્યા છે.

ઈરાની મીડિયા અને પશ્ચિમી નિષ્ણાતોએ અગાઉ એવી આશા વ્યક્ત કરી હતી કે આ શાંતિ કરારથી સમગ્ર વિસ્તારમાં તણાવ ઓછો થશે અને વર્ષોથી સળગી રહેલું મિડલ ઈસ્ટ શાંત થશે. પરંતુ ઈઝરાયલના આ તાજા વલણે ટ્રમ્પની રણનીતિ પર પાણી ફેરવી દીધું છે. હવે મોટો સવાલ એ છે કે શું ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને હુમલા રોકવા માટે મનાવી શકશે? જો તેઓ નિષ્ફળ જશે, તો આ ઐતિહાસિક કરાર સત્તાવાર જાહેર થતાં પહેલા જ ફ્લોપ થઈ શકે છે.

# ભારતીય સેનાનો નવો ડ્રેસ કોડ



### સૈનિકો માટે ઉબી નામનો નવો વિન્ટર ડ્રેસ રજૂ કરાયો છે, જેમાં અંગોલા શર્ટ સાથે બેટલ જેકેટ અને બેરેટ સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪ : ભારતીય સેનાએ બ્રિટિશ શાસન સમયની (ઔપનિવેશિક) પરંપરાઓને સદંતર નાબૂદ કરવા માટે પોતાના યુનિફોર્મ અને ગ્રૂમિંગ સંબંધિત નિયમોમાં મોટા ફેરફાર કર્યા છે. સેના દ્વારા તાજેતરમાં જ ૧૭૪ પાનાની નવી ગાઇડલાઇન મેન્યુઅલ 'આર્મી યુનિફોર્મ્સ-૨૦૨૬' બહાર પાડવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રકારની મેન્યુઅલ છેલ્લે આઠ વર્ષ પહેલાં બહાર પાડવામાં આવી હતી. નવો આદેશ દેશની બદલાતી સાર્વભૌમ ઓળખ અને ભારતીયતાને ઉજાગર કરે છે.

'બંદી જેકેટ'ને મંજૂરી: ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન બંધ-ગળા વાળા 'બંદી જેકેટ'ને હવે ઔપચારિક કાર્યક્રમોમાં ફોર્મલ ડ્રેસ તરીકે પહેરવાની મંજૂરી આપવામાં આવી છે. આ જેકેટ સોલિડ અને સોબર રંગનું હોવું જોઈએ.

શિયાળા માટે નવો ગણવેશ: તમામ રેક્ના સૈનિકો માટે ઉબી નામનો નવો વિન્ટર ડ્રેસ રજૂ કરાયો છે, જેમાં અંગોલા શર્ટ સાથે બેટલ જેકેટ અને બેરેટ (ટોપી) સામેલ છે.સેરેમોનિયલ બેલ્ટ હટાવાયો: ઓફિશિયલ 'મેસ ડ્રેસ નંબર ૫' અને 'નંબર ૬' માંથી સેરેમોનિયલ પાઉચ બેલ્ટને હટાવી દેવામાં આવ્યો છે.

(જોકે કર્નલ રેક્ક સુધીના અમુક ખાસ રેજિમેન્ટલ ઑફિસર્સ માટે તે માન્ય રહેશે).તલવાર રાખવી વૈકલ્પિક: પરેડ દરમિયાન રિવ્યુઈંગ ઑફિસર્સ (સમીક્ષા કરનારા અધિકારીઓ) માટે હવે તલવાર સાથે રાખવી વૈકલ્પિક (ઓપ્શનલ) કરી દેવાઈ છે. મહિલા અધિકારીઓ સત્તાવાર કાર્યક્રમોમાં સાદા રંગની સાડી અથવા દુપટ્ટા સાથે કુર્તા-સલવાર અને એંક્લ-લેન્થ (ટખના સુધીની) સીધી પેન્ટ પહેરી શકશે. જોકે, સ્લીવલેસ (બાયં વિનાના) કુર્તા, પ્લાઝો કે સિગારેટ પેન્ટ જેવા કેઝ્યુઅલ કપડાં પહેરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.નવા મેન્યુઅલમાં સૈનિકોના લુક અને ગ્રૂમિંગને લઈને અત્યંત કડક સૂચનાઓ આપવામાં આવી છે:ટેટૂ અને પિયર્સિંગ: શરીર પર કોઈ પણ જગ્યાએ ટેટૂ ચિતરાવવા પર કે પિયર્સિંગ (કાણા પડાવવા) પર સખત મનાઈ છે.

ધાર્મિક ચિહ્નો અને દોરા: યુનિફોર્મ સાથે કોઈ પણ પ્રકારના ધાર્મિક ચિહ્નો કે બ્રેસલેટ પહેરી શકાશે નહીં. માત્ર પૂજાનો પવિત્ર દોરો (નાડાછડી) કાંડા પર બાંધી શકાશે. શીખ સૈનિકોને તેમના ધાર્મિક નિયમો મુજબ છૂટછાટ યથાવત્ રહેશે.

મૂછો અને હેરકટ: સૈનિકોની મૂછો ૧૨ સેન્ટીમીટર કરતાં વધુ લાંબી હોવી જોઈએ નહીં. પરફ્યુમ અને કોસ્મેટિક્સ: ડ્યુટી પર અથવા યુનિફોર્મમાં સૈનિકો ડિઓડરન્ટ કે પરફ્યુમનો ઉપયોગ નહીં કરી શકે (આફ્ટર-શેવ લોશન માન્ય છે).

# પ્રધાનમંત્રી દેશના સન્માનની રક્ષા નહીં કરે: રાહુલ ગાંધી

### હોર્મુઝમાં ત્રણ ભારતીયોના મોત અંગે અમેરિકાના નિવેદનથી રાહુલ ગાંધી ગુસ્સે



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪ : સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ત્રણ ભારતીય ખલાસીઓના મોત બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર આકરો પ્રહાર કર્યો છે.
તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ લખી અમેરિકાના વલણ પર સવાલ ઉઠાવ્યા અને કહ્યું આ ઘટના બાદ પણ અમેરિકાએ ન તો અફસોસ વ્યક્ત કર્યો અને ન માફી માંગે, પરંતુ તે આદેશની ભાષાનો ઉપયોગ કરતું રહ્યું.' રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં લખ્યું કે અમેરિકાના હુમલામાં ત્રણ ભારતીય ખલાડીઓની હત્યાના થોડા દિવસ બાદ અમેરિકા તરફથી કોઈ માફી કે દુખ વ્યક્ત કરવામાં આવ્યું નથી. તેની જગ્યાએ અમેરિકાએ કહ્યું કે અમેરિકાની સેનાના આદેશોનું તત્કાલ પાલન કરવામાં આવે અને કોઈ પ્રકારના ઉલ્લંઘનને સહન કરવામાં આવશે નહીં. રાહુલ ગાંધીએ કહ્યું કે એક સ્વતંત્ર અને સ્વાભિમાની દેશ આ પ્રકારની ભાષાનો ક્યારેય સ્વીકાર કરશે નહીં. તેમણે આરોપ લગાવ્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મુદ્દે મૌન છે અને અમેરિકાના આદેશોનું પાલન કરી રહ્યાં છે.

રાહુલ ગાંધીએ પોસ્ટમાં પ્રધાનમંત્રીને Compromised PM કહેતા લક્ષ્યું કે તેઓ દેશના સન્માનની રક્ષા કરશે નહીં, કારણ કે જે લોકો દેશનું અપમાન કરે છે, તે તેના પર પ્રભાવ રાખે છે.

# ચોમાસું ૧૯ રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪:દેશભરમાં હવામાનનો મિજાજ ઝડપથી બદલાઈ રહ્યો છે. દેશના ૮ રાજ્યોમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી અત્યંત સક્રિય થઈ ગઈ છે, જ્યારે રાજસ્થાન સહિત ૯ રાજ્યોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં આ આંધી-વંટોળ આફત બનીને ત્રાટક્યું છે, જેમાં યુપી અને એમપીમાં જુદી-જુદી દુર્ઘટનાઓમાં ૫ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. ૪ જૂને કેરળમાં દસ્તક દીધા બાદ, ચોમાસું માત્ર ૯ દિવસના ટૂંકા ગાળામાં દેશના ૧૯ રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે. ગુજરાત માટે હવામાન વિભાગ અને લેટેસ્ટ સ્થિતિ મુજબ નીચે મુજબની મહત્ત્વની વિગતો સામે આવી છે. રાજ્યના કેટલાક ભાગોમાં હજુ પણ અસહ્ય ગરમીનો પ્રકોપ યથાવત્ છે. ગુજરાતના ભાવનગરમાં મહત્તમ તાપમાન ૪૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જેના કારણે સ્થાનિક લોકો બફારા અને કાળઝાળ ગરમીથી પરેશાન છે.

હવામાન વિભાગના સત્તાવાર અહેવાલ મુજબ, આગામી ૧૪ જૂનથી ૫ જુલાઈની વચ્ચે ચોમાસું ગુજરાતમાં વિધિવત રીતે પ્રવેશી જશે. આ જ સમયગાળા દરમિયાન મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને દિલ્હીમાં પણ મોન્સૂનની એન્ટ્રી થઈ જશે. બીજી તરફ, પ્રી-મોન્સૂન વાવાઝોડાને કારણે ઉત્તર ભારત અને મધ્ય ભારતમાં ભારે નુકસાન થયું છે યુપીના ઉન્નાવ અને ગાજીપુરમાં વીજળી પડવાના કારણે બે લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે કાસગંજમાં એક મકાનની છત ધરાશાયી થતાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત થયા છે. જ્યારે મધ્યપ્રદેશના પાટનગર ભોપાલ સહિત ચાર જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો,
જેમાં એમ્બ્યુલન્સ પર ઝાડ પડવાની અને વીજ વાયરો તૂટવાની ઘટનાઓ સામે આવી છે. રાજસ્થાનના ચુરુમાં આંધીના કારણે મકાનની દીવાલ પડતાં એક જ પરિવારના ૪ સભ્યો કાટમાળ નીચે દબાયા હતા, જેમને હૉસ્પિટલ ખસેડાયા છે.

# સાળંગપુર ટ્રેડમાર્કને રદ કરવા અંગે લડત તેજ

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૧૪ :** સાળંગપુર કષ્ટભંજન હનુમાન ધામ ખાતે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ભગવાનની મૂર્તિ સહિત કિંગ ઓફ સાળંગપુર પ્રતિમાનો ટ્રેડ માર્ક કરવામાં આવ્યું છે. ત્યારે આ ટ્રેડમાર્કના મુદ્દાને લઈને હવે વિવાદ ઊભો થયો છે. આજે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત રાજ્યકક્ષા દ્વારા એક સન્માન કાર્યક્રમમાં બ્રહ્મ સમાજ દ્વારા એક ઠરાવ પસાર કરી આ ટ્રેડમાર્ક રદ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. જો ટ્રેડમાર્ક રદ નહીં કરાય તો આગામી દિવસોમાં આ મુદ્દાઓને લડત તેજ કરવાનો હુંકાર કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે ભગવાનની પ્રતિમાઓના ટ્રેડમાર્કના મુદ્દાને લઈ સમગ્ર ગુજરાતમાં વિવાદ ઉભો થયો છે અને આ વિવાદમાં બ્રહ્મ સમાજ પણ મેદાને આવ્યો છે. આ સન્માન કાર્યક્રમમાં પણ સાળંગપુર ટ્રેડમાર્કનો મુદ્દો ચર્ચામાં આવ્યો અને સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત રાજ્યકક્ષા દ્વારા એક ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા પીછે હટ કરી આ ટ્રેડમાર્ક રદ કરવામાં આવે તેવી બ્રહ્મ સમાજ દ્વારા માંગ ઉચ્ચારવામાં આવી છે.જો આ ટ્રેડમાર્ક આગામી દિવસોમાં રદ કરવામાં નહીં આવે તો બ્રહ્મ સમાજ દ્વારા જિલ્લા કક્ષાએથી લઈ ગામડાઓ સુધી લડત લડવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. પાલનપુર ધારાસભ્ય અનિકેત ઠાકરએ પણ આ ટ્રેડમાર્કના મુદ્દાને વખોડ્યો છે અને ભગવાન હનુમાનજીની મૂર્તિનો ટ્રેડમાર્ક ન હોય ત્યારે આ બ્રહ્મ સમાજના ઠરાવને સમજવા ધારાસભ્ય પણ લોકોને આહવાન કર્યું છે.

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષાના આગેવાનોનું કહેવું છે કે સનાતન ધર્મમાં ભગવાનની મૂર્તિનો કોઈ ટ્રેડમાર્ક હોતો નથી. કષ્ટભંજન હનુમાન દાદ નું નામ એ ભગવાનના ૧૦૦૮ નામો પૈકી છે.

## સાપુતારા ઘાટમાં ટેમ્પો અડફેટે બાઈક ચાલક યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૪ :** ડાંગ જિલ્લાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ સાપુતારાના ઘાટ માર્ગ પર વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો છે. સાપુતારા ઘાટમાં હનુમાનજી વળાંક પાસે બેફામ સ્પીડે અને રોંગ સાઈડમાં આવી રહેલ એક ટેમ્પોએ સામેથી આવતી મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા એક ૨૨ વર્ષીય આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યુ છે. જ્યારે ટેમ્પો ચાલક અકસ્માત સર્જીને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો છે.



મળતી માહિતી મુજબ ગત તા. ૧૩ જૂન ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૦૯:૩૦ વાગ્યાની આસપાસ સાપુતારા ઘાટમાં હનુમાનજી વળાંક નજીક આ અકસ્માત સર્જાયો હતો. આરોપી ચાલક પોતાની ટેમ્પો ફોર-વ્હીલર ગાડી લઈને પૂરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં આવી રહ્યો હતો. આ દરમિયાન સામેથી પોતાની મોટરસાયકલ પર આવી રહેલા ઈશાનભાઈ જીતેન્દ્રભાઈ જાદવ (ઉંમર વર્ષ ૨૨, રહે. નડગચોંડ, તા. વઘઈ)ને, ટેમ્પાએ અડફેટે લીધો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે મોટરસાયકલ ચાલક ઈશાનભાઈને માથાના ભાગે, ચહેરા પર તેમજ જમણા પગમાં ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. અહીં ગંભીર ઈજાઓ થવાને કારણે યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયું હતું. આ અકસ્માત સર્જયા બાદ અજાણ્યો ટેમ્પો ચાલક ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. હાલમાં સાપુતારા પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરિયાદ નોંધાવવામાં આવેલ છે. પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (BNS)ની કલમો તેમજ મોટર વ્હીકલ એક્ટ (M.V. Act)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ડુંગરીની પોલીસનો એક વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ એલસીબીની ટીમે ડુંગરી પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા એક વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો હતો.

વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાની સૂચના આપવામાં આવી હતી. આ સૂચના અને એલસીબીના પીઆઈ એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ એલસીબી વલસાડના પીએસઆઈ જે.જે. ચૌહાણ તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતાં. જે પેટ્રોલીંગ દરમિયાન વલસાડ એલસીબીના એએસઆઈને ખાનગી બાતમી મળી હતી કે ડુંગરી પોલીસ સ્ટેશનના દારૂના ગુનાનો વોન્ટેડ આરોપી દમણમાં છે. જે બાતમીના આધારે પોલીસ ટીમે તાત્કાલિક દમણમાં છાપો મારતા વોન્ટેડ આરોપી નીલ ઉર્ફે ગુલાબભાઈ બાબુભાઈ કોળી પટેલ ઉં.વ. ૨૬, રહે. ભીમપોર, ડુંગ ફળિયા, નાની દમણને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાપીમાં મોદી શાસનના ૧૨ વર્ષ, જનસેવા અંગે સંકલ્પ સંમેલન યોજાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૪ :** વાપીમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને સાંસદ ધવલ પટેલની ઉપસ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનના ૧૨ વર્ષના સફળ જન સેવા વિકસિત ભારત સંકલ્પ સંમેલનમાં વિકાસના કામો અને લોક કલ્યાણ યોજનાઓ અંગે માહિતી અપાય હતી.

વાપી જીઆઈડીસી વીઆઈએ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રધાનમંત્રી તરીકેના સફળ જનસેવાના ૧૨ વર્ષ થવાના અવસરે આયોજિત 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અંગે પ્રેસ વાર્તા યોજી મીડિયાના મિત્રોને કેન્દ્ર સરકારના જનકલ્યાણકારી કાર્યો, વિકાસયાત્રા અને સંમેલનના હેતુ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત સરકારના નાણા અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ્યારે નરેન્દ્રભાઈ મોદી હતાં ત્યારથી આજ સુધી તેઓની લોકો માટે કરવામાં આવતી દરેક યોજના નાનાથી નાના માણસ સુધીના લોકોને પહોંચે છે અને જોઈએ તો ૨૦૦૦ની સાલ પછી નવા જન્મેલા લોકોને કરફ્યુ શું છે તે પણ ખબર નથી અને નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરેલા દરેક વિકાસના કામો આજે દેખાઈ રહ્યા છે અને તેમની વિકાસની રણનીતિને કારણે આજે વિશ્વમાં આપણો દેશ પાંચમા નંબરે વિકસિત દેશ તરીકે આગળ વધી રહ્યો છે તેવી જ રીતે, વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી તેમજ રાજ્ય સરકારના મંત્રી નરેશભાઈ પટેલ, લોકસભા દંડક તથા સંસદસભ્ય ધવલભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની છેલ્લા ૧૨ વર્ષથી કરવામાં આવેલી કામગીરી અંગે જાણકારી આપી હતી અને દેશના વડાપ્રધાન જવાલાલ નેહરુના ૪,૩૯૯ દિવસ સુધી વડાપ્રધાન તરીકે સેવા આપવાનો રેકોર્ડ નરેન્દ્રભાઈ મોદીએ તોડી નાંખ્યો છે અને તેઓ હવે દેશના સૌથી વધુ સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે સેવા આપનારા બની જવા પામ્યા છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધારાસભ્યો જીતુભાઈ ચૌધરી અને અરવિંદભાઈ પટેલ તેમજ ભાજપ વલસાડ જિલ્લા પ્રભારી વિનયભાઈ શુક્લ, ભાજપ પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશભાઈ પટેલ, નિખિલભાઈ, વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ સહિત અગ્રણીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ભીલાડ સ્ટેશને અજાણી મહિલાએ ટ્રેન આગળ પડતું મક્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૪ :** ભીલાડ રેલવે સ્ટેશન રેલવે સ્ટેશન ૨૦થી ૨૫ વર્ષની અજાણી મહિલાએ ડાઉન લાઈન ઉપરથી પસાર થતી ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ ટ્રેન આગળ પડતું મૂકી જીવન ટૂંકાવ્યું.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત તારીખ ૧૧/ ૬/૨૦૨૬ના રોજ રાત્રે ૯ કલાકે ભીલાડ રેલવે સ્ટેશનના ડાઉન રેલ્વે લાઈન ઉપરથી પસાર થતી ગોલ્ડન ટેમ્પલ મેલ એક્સપ્રેસ ટ્રેન આગળ એક ૨૦થી ૨૫ વર્ષની અજાણી મહિલાએ અગમ્ય કારણસર પડતું મુકતા તેને શરીરે ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે જ મોત થઈ જવા પામી હતું જે અંગેની જાણ વાપી રેલવે સ્ટેશન પોલીસ મથકે કરતા તાત્કાલિક એએસઆઈ રવિન્દ્રભાઈ અને તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી લાશનું પંચનામુ કરી આ મરણ જનાર મહિલાના વાલી વારોસોની શોધખોળ શરૂ કરી છે.

મરનાર મહિલાએ પંજાબી ડ્રેસ પહેરેલ છે અને શરીરે પાતળા બંધાની તેની ઊંચાઈ લગભગ ચારથી સાડા ચાર ફૂટ અને શ્યામ વણવાડી છે. જે અજાણી મહિલા અંગે તેના વાલી વારસોએ વાપી રેલવે સ્ટેશન પોલીસ મથકના એએસઆઈ રવિન્દ્રભાઈનો સંપર્ક કરવો.

## વાપીમાં પ્રગતિ પંથ યાત્રા અંતર્ગત વિવિધ વિકાસ કાર્યોનું નિરીક્ષણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જનસેવા, સુશાસન અને વિકાસના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'પ્રગતિ પથ યાત્રા' અંતર્ગત વલસાડ જિલ્લાના પારડી તાલુકા વિધાનસભામાં આવતા વાપી ખાતે બલીઠાની મીની સિવિલહોસ્પિટલ, વાપી જીઆઈડીસી ખાતેનો સીઈટીપી, વાપી દમણગંગા નદી કિનારે આવેલ મુક્તિધામ, લેન્ડ ફિલિંગ એરિયા, એમએલડી ફિલ્ટર પ્લાન્ટ તેમજ ડુંગરા ખાતેનું બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લઈ વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું ગુજરાત રાજ્યના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ દ્વારા પ્રજાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે ચાલી રહેલા કાર્યો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ભવિષ્યલક્ષી વિકાસ યોજનાઓ અંગે વિગતવાર જાણકારી મેળવી આ પ્રસંગે વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ સાથે ધારાસભ્યઓ, વાપી મહાનગર પાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અગ્રણીઓ તથા ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

### જન્મદિવસની શુભકામના



**અદ્વૈત મોરે**
જન્મ તા. ૧૫/૦૬/૨૦૨૩
માતાનું નામ : જ્યોતિ
પિતાનું નામ : ધનંજય
સરનામું : સુરત


**દમણગંગા ટાઈમ્સ**
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની અવશ્ય મુલાકાત લો
www.damangangatimes.com


## સોનવાડા બ્રીજ પાસેથી દારૂના જથ્થા બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** ડુંગરી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા સોનવાડા ઓવરબ્રિજ પાસે એક્સયુવી કારને અટકાવે તેની અંદર તપાસ કરતા ૮૯ દારૂની બોટલ કિંમત રૂા. ૧.૩૨ લાખ કાર મોબાઈલ મળી કુલ ૫.૩૭ લાખના મુદ્દામાલ સાથે સુરતના બે આરોપીની પોલીસે ધરપકડ કરી છે.

ડુંગરી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં ફરતો હતો તે દરમિયાન બાતમી મળી કે એક એક્સયુવી કારમાં દારૂ સુરત તરફ લઈ જવાઈ રહ્યો હોવાની બાતમી આધારે પોલીસી ટીમ હાઈવે પર વોચ ગોઠવી ઊભા રહ્યા હતાં તે દરમિયાન બાતમીવાળી કારને ઉભી રાખવાનો ઈશારો કરતા કાર ચાલકે પૂર ઝડપે હંકારી લઈ જતા પોલીસે તેનો પીછો કરી કારને વલસાડના નેશનલ હાઈવે નંબર ૪૮ સોનવાડા હાઈવે ઓવર બ્રિજ પાસે એક્સયુવી કાર નંબર GJ-01-KW-9471ને અટકાવી તેની અંદર તપાસ કરતા દારૂની બાટલી નંગ ૮૯ કિંમત રૂપિયા ૧,૩૨,૦૦૦ કારની કિંમત ૪ લાખ, મોબાઈલ નંગ બે કિંમત ૫૦૦૦, કુલ ૫,૩૭,૨૦૦ મુદ્દા માલ સાથે મહેન્દ્રભાઈ દિનેશભાઈ પ્રજાપતિ ઉં.વ. ૩૫ રહે. સુરત. ગૌતમ પ્રવીણભાઈ બાવળીયા ઉં.વ. ૨૨ - રહે. સુરત મૂળ રહે. બોટાદની ધરપકડ કરવામાં આવી હતી.

## ચીખલીમાં વિજ કંપનીના ધાંધિયાથી ગ્રાહકો ત્રસ્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૪ :** ચીખલી વીજ કંપની કચેરીના રેઢીયાળ કારભારના કારણે ભર ઉનાળે ગ્રાહકો સાથે વેપાર ધંધા ઉદ્યોગ કરતા માલિકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. મહાદેવ ફીડર છેલ્લા ત્રણ દિવસથી મનમાંની રીતે બંધ કરી દેવાતા એચ.ટી. કનેક્શન ધરાવતા ગ્રાહકોને વેપાર ધંધામાં ભારે નુકસાન વેઠવાની નોબત આવી છે તો બીજી તરફ વીજ કંપનીમાં ગ્રાહકો ફરિયાદ લખાવતા જેનો નિકાલ ન કરી મનમાની રીતે જ છેલ્લા કેટલાક સમયથી કારભાર ચાલતા કચેરીના નાયબ ઈજનેરને સ્ટાફ કે લાઈનમેનો ગાંઠતા જ ન હોવાની બુમરામણ ઉથવા પામી છે.

ચીખલી નાયબ ઈજનેર વીજ કંપનીની કચેરીનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી સાવ ખાડે જવા પામ્યો છે અને જે માટે કચેરીના નાયબ ઈજનેર ને સ્થાનિક સ્ટાફ કે લાઈનમેન કે કોન્ટ્રાક્ટરો ગાંઢતા જ ન હોવાથી કલાકોના કલાક વીજ પ્રવાહ બંધ થવા કે ખોટકાવાના બનાવો બનતા આવ્યા છે. ઉદ્યોગિક વીજ લાઈન બંધ કરવા પહેલાં ગ્રાહકોને જાણ કરવાની હોય અને ચોક્કસ કારણોસર જ એચ.ટી લાઈન બંધ કરી શકાતી હોય છે. ત્યારે મહાદેવ ફીડર છેલ્લા ત્રણ દિવસથી મનમાની રીતે બંધ કરાતા અને કેબલ ફોલ્ટ હોવાનું જણાવાય રહ્યું છે. તો શું ત્રણ દિવસ કેબલ ફોલ્ટ રીપેરેજ ન થઈ શક્યો અને જયારે વીજ લાઈનના છેડા જોડવામાં ભૂલ કરતા ગ્રાહકોની મોટરો ઉંધી ફરવા જેવા બનાવો બનવા સાથે વીજ ઉપકરણો ફુંકાઈ જવા પામતા ચીખલી વિજ કંપનીની લાલીયાવાડી બહાર આવવા સાથે અધિકારીઓની લાપરવાહીના કારણે ગ્રાહકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ફીડરો બંધ થતા કે ટ્રાન્સફોર્મરમાં કોઈ ખામી સર્જાય એટલે કમ્પ્લેન મોબાઈલ નંબર ઉઠાવવાનો બંધ કરી દેવામાં આવે છે અને જે ફરિયાદ લખાવવામાં આવે અને સમય હોય તો પણ ૨૪ કલાક સુધી લાઈન મેનો કે કર્મચારીઓ જેના ઉપર ધ્યાન આપતા નથી અને મનમાની રીતે જ વહીવટ ચાલતા ભર ઉનાળે ગ્રાહકો, ઉદ્યોગકારો અને ખેડૂતો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે અને આવો જ વહીવટ ચાલતા અને સુધારવામાં ન આવે તો ગ્રાહકો વીજ કંપનીની કચેરીએ મોરચો માંડે તો નવાઈ નહીં.

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૫૪૨/૨૦૨૬

**અરજદાર : નાનીબેન બાવાભાઈ પટેલ તે સુખાભાઈ પટેલની પુત્રી,**
રહે. મંદિર ફળિયા, સેગવી
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારડી પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નાનીબેન બાવાભાઈ પટેલ તે સુખાભાઈ પટેલની પુત્રી,** રહે. મંદીર ફળિયા, સેગવી, તા.જી.વલસાડએ તેમના પોતાનો **નાનીબેન બાવાભાઈ પટેલ તે સુખાભાઈ પટેલની પુત્રીનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૪૨ના રોજ મોજે. પારડી પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૫૪૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

### જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મારા અસીલ મીનાબેન જાની તે વિનોદભાઈ જાનીના પત્નિ, રહેવાસી - આમળી, સેલવાસ, તાબે-દાદરા નગર હવેલીનાઓ જેઓ સ્વ. વિનોદકુમાર એસ. જાનીના કાયદેસરના વારસદાર તથા પત્નિ છે. સદર સ્વ. વિનોદભાઈ જાની તા.૦૫/૦૨/૨૦૨૬ના રોજ મોજે સેલવાસ ખાતે મરણ પામેલ છે. જેઓ કોઈપણ હક્કદાર નક્કી કર્યા વગર મરણ પામેલ છે. સદર દાદરા નગર હવેલી સંઘપ્રદેશના મોજે - સેલવાસ, દા.ન.હ. ખાતે મારા અસીલના પતિ સ્વ. વિનોદકુમાર એસ. જાનીના સ્વતંત્ર નામે સંપતિ આવેલ છે. જેનુ વર્ણન નીચે મુજબ છે.

| અનુક્રમ નંબર | મિલકતનું નામ | મિલકતનું સરનામુ |
|---|---|---|
| ૧ | ફ્લેટ | **મોજે ફ્લેટ નં.૦૯, ગ્રાઉન્ડ ફ્લોર, વિંગ-બી, રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેંટ, મસ્જીદ ફળિયા, સેલવાસ, જે ફ્લેટ સેલવાસ નગરપાલિકા દફતરે (પ્રોપર્ટી આઈ.ડી.નં. એસ૦૧૦૦૭૯૪૨૦૦૦)થી નોંધાયેલ છે.** |

સદર ઉપરોક્ત મિલકતમાંથી મારા અસીલ તેઓના પતિ સ્વ. વિનોદકુમાર એસ. જાનીનું નામ સિલવાસા નગર પાલિકા દફતરેથી કમી કરી તેઓના કાયદેસરના વારસદાર તરીકે મારા અસીલનું તથા પુત્રી આયુશી જાની અને પુત્ર જાની દેવકુમાર વિનોદભાઈના સંયુક્ત નામો દાખલ કરવા માટે અરજી કરનાર છે. મજકુર ઉપર વર્ણવેલ મિલકત અંગે જો કોઈનો કંઈપણ હક્ક, હિસ્સો, વારસાઈ, ગીરો, વેચાણ, ગીફ્ટ, લીઝ, ટેન્નસ, લીયન, બોજો, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે અન્ય દરદાવો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં તેવા હક્ક દાવાઓ સબંધી દસ્તાવેજી પુરાવાઓ લાવી મુખ્ય અધિકારી સિલવાસા નગરપાલીકામાં તેમનો દાવો રજુ કરવો યા હમો નીચે સહી કરનારને રૂબરૂ વાંધાઓ દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુ કરવો નહીતર મુદત વિત્યેથી મજકુર મિલ્કતમાં અન્ય કોઈના કોઈપણ હક્ક, દાવા, નથી અને જો કોઈપણ હોય તો તે જતા કર્યા છે એવુ માની સદર ઉપરોક્ત મિલ્કતમાં મારા અસીલ તથા પુત્રી આયુશી જાની અને પુત્ર જાની દેવકુમાર વિનોદભાઈના સંયુક્ત નામો માલીકો તરીકે દાખલ કરાવી લેશે. અને જે બાબતે પાછળથી મજકુર મિલ્કતના હક્ક થવા સબંધી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

તા.૧૩/૦૬/૨૦૨૬

**સહી/-**
**(મીનાબેન જાની)**

**સહી/-**
**(પંકજકુમાર એન. ભંડારી)**
**એડવોકેટ એન્ડ નોટરી)**

---

### જાહેર નોટિસ / નામ બદલવા અંગેની નોટિસ

હું. **નમ્રતાસિંહ વિક્રમસિંહ પરમાર,** તે શ્રી વિનયકુમાર સિંહના સુપુત્રી અને શ્રી વિક્રમસિંહ પરમારના ધર્મપત્ની, રહેવાસી ઓમ ઉદય બંગલો, મુથુટ ફાઈનાન્સની સામે, સેલવાસ-ખાનવેલ રોડ, સમરવર્ણી ચાર રસ્તા, સેલવાસ - ૩૯૬૨૩૦, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ (કેન્દ્રશાસિત પ્રદેશ), આથી જાહેર જનતાને જાણ કરું છું કે મારા વિવિધ વહીવટી અને સર્વિસ (નોકરીના) રેકોર્ડ્સમાં મારું નામ અલગ-અલગ રીતે જેમ કે શ્રીમતી નમ્રતાસિંહ (Shrimati Namratasingh), શ્રીમતી નમ્રતાસિંહ વિનયકુમાર સિંહ (Shrimati Namratasingh Vinaykumar Sinh), શ્રીમતી નમ્રતાસિંહ વી. પરમાર (Smt. Namratasingh V. Parmar), અને શ્રીમતી નમ્રતા પરમાર (Smt. Namrata Parmar) તરીકે નોંધાયેલું છે. હું સ્પષ્ટતા કરું છું કે આ તમામ નામો એક જ વ્યક્તિના એટલે કે મારા પોતાના જ છે. મારા પાસપોર્ટ અને આધાર કાર્ડ મુજબ મારું સાચું નામ નમ્રતાસિંહ વિક્રમસિંહ પરમાર છે, જેને મેં ભવિષ્ય માટે સમાનરૂપે (Uniformly) સ્વીકાર્યું છે. સેલવાસ ખાતે નોટરી પબ્લિક સમક્ષ તારીખ...........ના રોજ સોગંદનામું (Affidavit) કરીને આ જાહેર કરું છું.

**નમ્રતાસિંહ વિક્રમસિંહ પરમાર**

---

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૧૩/૨૦૨૬

**અરજદાર : સચેન્દ્ર વિપિનચંદ્ર પરીખ**
રહે. ૨૦૧, વિષ્ણુગુપ્ત શ્યામલાલ રેસીડેન્સી, ડભોઈ,
દશાલાડ ભવન પાછળ વાઘોડિયા રોડ વડોદરા

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ રજીસ્ટ્રાર, વાપી મહાનગરપાલિકા તા.વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૧૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સચેન્દ્ર વિપિનચંદ્ર પરીખ** રહે. ૨૦૧, વિષ્ણુગુપ્ત, શ્યામલાલ રેસીડેન્સી, ડભોઈ, દશાલાડ, ભવન પાછળ વાઘોડિયા રોડ વડોદરાનાઓએ તેમના પિતાશ્રી **સ્વ. વિપિનચંદ્ર વાડીલાલ પરીખનું** મરણ તા.૦૫/૦૮/૨૦૦૫ના રોજ મોજે-વાપી તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/રજી૧૪૬/વશી૬૧૬/૨૦૨૬**
**એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વાપી (શહેર)**





દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVĀN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

# ભારત મારબલ વોટરપ્રુફીંગ



વાંચશો તો જાણશો ને?
ખુશખબર... ખુશખબર...
શુ તમારું ધાબુ લીક થાય છે ???
શુ તમારા ધાબામાંથી પાણી ટપકે છે? તદ આના માટે ભારત મારબલ નવી ટેકનીક લઈને આવ્યા છે.
દર વર્ષની વોરંટી સાથે ધાબાનું લીકેજ બંધ કરી દેવામાં આવશે.
ઉપરાંત દશ વર્ષની લેખીત વોરંટી આપવામાં આવશે.

પધ્ધતિસર ધારા પર ઈટાલીયન માર્બલ પેસ્ટ કરી આપવામાં આવશે



અમારી કામ કરવાની પદ્ધતિ
- ધાબુ વોશ કરી એના પર પીછી કેમીકલ લગાડવામાં આવે છે
- પીછી લાગ્યા પછી પ્લાસ્ટર ઉપર ૩ થી ૪ એમએમ માલ ચડાવવામાં આવે છે
- ત્યારબાદ કેમી[illegible]

હવે શું વિચારો છો ? આજે જ સંપર્ક કરો : નોંધ એડવાન્સ બુકીંગ ચાલુ છે એક જ કોલ કરો, માણસ વિઝીટ માટે આવી જશે. વીઝીટનો કોઈ ચાર્જ નથી

ચંદન મેહરા મો. ૯૭૨૫૨૧૪૮૧૪



Monday 15, June 2026

# દમણગંગા ટાઈમ્સ



દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com


# કપરાડા-નાનાપોંઢામાં ગેરકાયદે વાહનોમાં વિદ્યાર્થીઓની અવરજવર જોખમી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૪ :** કપરાડા અને નાનાપોંઢા તાલુકાની કેટલીક પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના આવન-જાવન માટે સરકારી મંજૂરી વગરના અને પેસેન્જર પાસિંગ ન ધરાવતા ખાનગી વાહનોનો ઉપયોગ થતો હોવાની ફરિયાદો સામે આવી રહી છે. આ મામલે વાલીઓ અને જાગૃત નાગરિકોમાં ચિંતા વ્યાપી છે, કારણ કે બાળકોની સુરક્ષા સાથે સીધો સંબંધ ધરાવતો મુદ્દો હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા પૂરતી દેખરેખ રાખવામાં આવતી નથી તેવી ચર્ચાઓ ચાલી રહી છે. મળતી માહિતી મુજબ કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા અથવા અન્ય સ્વાર્થ સાધવા માટે શિક્ષકો દ્વારા વાલીઓને પ્રોત્સાહિત કરીને ખાનગી વાહનોની વ્યવસ્થા કરવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આવા વાહનો પાસે બાળકોના પરિવહન માટે જરૂરી કાનૂની પરવાનગી કે પેસેન્જર પાસિંગ ન હોવા છતાં વિદ્યાર્થીઓને નિયમિત રીતે શાળાએ લાવવામાં અને ઘરે પહોંચાડવામાં આવે છે.

આ ઉપરાંત એવી પણ ચર્ચા છે કે વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિની રકમમાંથી વાહન ભાડું વસૂલવામાં આવે છે. જ્યારે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃત્તિ જમા થાય છે ત્યારે તે રકમ ઉપાડી શિક્ષકો મારફતે વાહનચાલકોને ચૂકવવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જો આ હકીકત હોય તો તે કેટલું યોગ્ય ગણાય અને સરકારી યોજનાના હેતુ સાથે કેટલું સુસંગત છે તે પ્રશ્ન પણ ઉઠી રહ્યો છે.

સૌથી મહત્વનો મુદ્દો વિદ્યાર્થીઓની સુરક્ષાનો છે. જો આવા બિનઅધિકૃત વાહનોમાં મુસાફરી દરમિયાન કોઈ અકસ્માત કે દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોણ સ્વીકારશે? વાલીઓ, વાહનચાલકો, શાળા સંચાલન કે શિક્ષકો - જવાબદારી નક્કી કરવી મુશ્કેલ બની શકે છે. બાળકો માટે વાહનમાં જવું આનંદદાયક હોઈ શકે, પરંતુ તેમની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી વાલીઓ અને શાળા તંત્રની રહે છે.ઉલ્લેખનીય છે કે વલસાડ જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે પરિપત્ર બહાર પાડી સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે પેસેન્જર પાસિંગ ધરાવતા અને નિયમસર મંજૂર વાહનો સિવાય વિદ્યાર્થીઓની અવરજવર કરાવવી નહીં. તેમ છતાં અનેક વિસ્તારોમાં સ્થિતિ યથાવત હોવાનું કહેવાઈ રહ્યું છે.ત્યારે કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, નાનાપોંઢા તાલુકા શિક્ષણ તંત્ર તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી આ સમગ્ર મામલે ગંભીરતાથી તપાસ હાથ ધરી નિયમભંગ કરનાર સામે યોગ્ય કાર્યવાહી કરશે કે કેમ તે અંગે લોકોમાં ચર્ચા ચાલી રહી છે. બાળકોની સુરક્ષા સર્વોપરી હોવાથી તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

## બાળકોની સલામતી સાથે ચેડાં?

નાનાપોંઢા તાલુકાની એક શાળાને લઈને ચિંતાજનક ચર્ચાઓ સામે આવી રહી છે. પ્રાપ્ત વિગતો મુજબ, શાળાના એક શિક્ષક પોતાની ઈકો વેનમાં આવન-જાવન દરમિયાન રસ્તામાં મળતા વિદ્યાર્થીઓને બેસાડી શાળાએ લઈ જાય છે અને પરત પણ મૂકી આવે છે. જોકે આ માર્ગ ડુંગરાળ, ઘાટવાળો તથા ઉતાર-ચઢાવથી ભરેલો હોવાનું જણાવાય છે, જેના કારણે વિદ્યાર્થીઓની સલામતી અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે. વાલીઓમાં એવી પણ ચર્ચા છે કે સંબંધિત વાહન માટે વિદ્યાર્થીઓના પરિવહનની જરૂરી સરકારી મંજૂરી છે કે નહીં અને આ અંગે શિક્ષણ વિભાગ કે વહીવટી તંત્રને જાણ કરવામાં આવી છે કે કેમ? જો કોઈ અકસ્માત જેવી દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોણ લેશે તે પણ મહત્વનો પ્રશ્ન બની રહ્યો છે. આધારભૂત રીતે મળતી માહિતી અનુસાર, વિદ્યાર્થીઓ પાસેથી ભાડું વસૂલવામાં આવતું હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. જો આ હકીકત સાચી હોય તો નિયમોનું પાલન થઈ રહ્યું છે કે નહીં તેની તપાસ જરૂરી બને છે. સ્થાનિક લોકો અને વાલીઓ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને હકીકતોના આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠાવી રહ્યા છે.

# દમણમાં વિશ્વ રક્તદાન દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા.૧૪ :** વિશ્વ રક્તદાતા દિવસ-૨૦૨૬ની ઉજવણી નિમિત્તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, થ્રીડી દ્વારા ત્રણેય જિલ્લાઓમાં રક્તદાન શિબિરો અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય સચિવ ગોપી કૃષ્ણા (આઈએએસ)એ જણાવ્યું હતું કે રક્તદાન માનવસેવાનું શ્રેષ્ઠ કાર્ય છે. રક્તનો કોઈ વિકલ્પ નથી અને તેને પ્રયોગશાળામાં તૈયાર કરી શકાય તેમ નથી. તેથી સુરક્ષિત અને પૂરતા પ્રમાણમાં રક્ત ઉપલબ્ધ રહે તે માટે સ્વૈચ્છિક રક્તદાન અત્યંત જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫ દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૦૦થી વધુ સ્વૈચ્છિક રક્તદાન શિબિરોના માધ્યમથી ૧૨ હજારથી વધુ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન નિયમિત રક્તદાતાઓ, ઉદ્યોગો, કોર્પોરેટ સંસ્થાઓ, સામાજિક સંગઠનો, એનજીઓ, યુવા મંડળો અને અન્ય સંસ્થાઓને રક્તદાન ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વાપીમાં શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

## વિશ્વ રક્તદાન દિવસે વિશેષ રક્તદાન શિબિરમાં ૧૧૩ યુનિટ રક્ત એકત્ર કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા. ૧૪ :** શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મસમાજ, વાપી દ્વારા ઉપાસના સ્કૂલ, વાપી ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૧૧૩ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરીને માનવસેવા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના શુભારંભે વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, GIDC પોલીસ સ્ટેશનના PI એસ.પી. ગોહિલ, સમાજના ટ્રસ્ટીઓ તથા સમાજના પ્રમુખ હાર્દિક મહેતા દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે રક્તદાન એ માનવતાની સર્વોત્તમ સેવા છે અને સમાજના વધુમાં વધુ લોકો આ અભિયાન સાથે જોડાય તે સમયની જરૂરિયાત છે. તેમણે સમાજ દ્વારા આયોજિત આ સેવાકીય કાર્યની પ્રશંસા કરી હતી.

સમાજના પ્રમુખ હાર્દિક મહેતાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રક્તદાન એક મહાદાન છે અને દરેક વ્યક્તિએ રક્તદાન કરવું જોઈએ. તેમણે જણાવ્યું કે રક્તદાન એવી અનોખી પ્રક્રિયા છે જે માત્ર એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને મદદરૂપ થવાથી જ શક્ય બને છે. એક રક્તદાતા દ્વારા આપવામાં આવેલ એક યુનિટ રક્ત ત્રણ અલગ અલગ દર્દીઓના જીવનમાં ઉપયોગી બની શકે છે અને ઘણીવખત તેવા લોકો માટે પણ કામ આવે છે જેમને આપણે વ્યક્તિગત રીતે ઓળખતા પણ નથી.

આ કારણસર રક્તદાનને પૃથ્વી પરનું મહાદાન કહેવામાં આવે છે. આ રક્તદાન શિબિરનું આયોજન પુરીબેન પોપટભાઈ લાખા લાયન્સ બ્લડ બેન્કના સહયોગથી કરવામાં આવ્યું હતું.

લાયન્સ બ્લડ બેન્ક તરફથી કમલેશભાઈ પટેલ, કેતનભાઈ જોશી તથા ઉપાસના સ્કૂલના ટ્રસ્ટીઓ અને તેમની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. સમાજના ટ્રસ્ટીઓ તેમજ માજી પ્રમુખો તેમજ સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાહતા .

# ડુંગરામાંથી ગેસ રિફિલિંગનું રેકેટ ઝડપાયું

## દુકાનમાં રેડ પાડી રાંધણ ગેસનો એક મોટો બાટલો તથા ૧૦ નાના બાટલા અને ગેસ રિફિલિંગની પાઇપ, રેગ્યુલેટર, નોઝલ સાથે એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીના ડુંગરી ફળિયા એક દુકાનમાં ગેરકાયદેસર રીતે ઘરેલુ એલપીજી ગેસનું રિફિલિંગ કરવામાં આવતું હોવાની મળેલી બાતમીના આધારે ડુંગરા પોલીસે દરોડો પાડી ગેસ રિફિલિંગનું રેકેટ ઝડપી પાડ્યું હતું. પોલીસે સ્થળ પરથી ગેસના બાટલા અને રિફિલિંગ માટે ઉપયોગમાં લેવાતા સાધનો કબજે કરી એક ઈસમની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ ડુંગરા પોલીસને ડુંગરી ફળિયા મજુભાઈની ચાલમાં તેની માલિકીની દુકાનમાં ઘરેલુ ગેસના મોટા બાટલામાંથી નાના બાટલામાં ગેરકાયદે ગેસ ભરવામાં આવતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસ ટીમે સ્થળ પર રેડ પાડી હતી. દરોડા દરમિયાન એક એચ પી કંપનીનો મોટો રાંધણ ગેસનો બાટલો, ૧૦ નાના ગેસ બાટલા તેમજ ગેસ ટ્રાન્સફર કરવા માટે ઉપયોગમાં લેવાતી પાઈપ, રેગ્યુલેટર, નોઝલ સહિતના સાધનો મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી તમામ મુદ્દામાલ જપ્ત કરી ગેરકાયદે ગેસ રિફિલિંગનો ધંધો ચલાવતા લાલુ ઉર્ફે કૃષ્ણા ગિરિજા નંદ જાટ રહે દાદરા રોહિત ફળિયા ફિલટેક્સ કંપનીની બાજુમાં અજય ભાઈની ચાલ ને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપી દ્વારા ઘરેલુ ગેસના બાટલામાંથી નાના બાટલામાં ગેસ ભરી વેચાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ૩-૪ કિલોના ૧૦ નાના બટલા, એક મોટો બાટલો,૩ ઈલેક્ટ્રીક વજન કાંટા વિગેરે મળી ૪૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિથી આગ અથવા વિસ્ફોટ જેવી ગંભીર દુર્ઘટના સર્જાવાની શક્યતા રહેતી હોવાથી પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ડુંગરા પોલીસ દ્વારા આરોપી સામે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. સાથે જ આ રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે નહીં અને ગેસનો જથ્થો ક્યાંથી મેળવવામાં આવતો હતો તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે પ્રગતિપથ યાત્રા અંતર્ગત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ તેમજ વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલે વલસાડના તિથલ બીચ પર ચાલી રહેલા વિકાસ કાર્યો, પારડી તાલુકાના ઉમરસાડી ખાતે આવેલા ફૂટ ઓવર બ્રિજની મુલાકાત લીધી હતી.

# ઝરીયામાં દીપડાએ મારણ કરવા છતાં પાંજરું નહીં ગોઠવાતા રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ધરમપુર, તા. ૧૪ :** ધરમપુર તાલુકાના ઝરીયા ગામમાં દીપડાની અવરજવર સતત વધી રહી હોવાથી ગ્રામજનોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. છેલ્લા કેટલાક દિવસોમાં દીપડાએ પશુધન પર હુમલાની અનેક ઘટનાઓને અંજામ આપતાં ગ્રામજનોમાં દહેશત વ્યાપી ગઈ છે.

ગામના અરવિંદભાઈ મનહરભાઈ પટેલના જણાવ્યા મુજબ બે બકરીઓને દીપડો જુદા જુદા સમયે ઉઠાવી ગયો હતો. ઉપરાંત બહાદુરભાઈ ગોવિંદભાઈ પટેલના ઘરેથી આશરે ૧૦ જેટલાં મરઘાંનો શિકાર કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. જ્યારે રમણભાઈ સોમાભાઈ પાડવીનું પાલતુ શ્વાન પણ દીપડો ઉઠાવી ગયો હોવાનું સામે આવ્યું છે.

વારંવાર બની રહેલી આ ઘટનાઓને કારણે ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ છે. ખાસ કરીને સાંજના સાત વાગ્યા બાદ લોકો ઘરની બહાર નીકળતાં પણ ડર અનુભવી રહ્યા છે. બાળકો, મહિલાઓ અને વૃદ્ધોની સુરક્ષાને લઈને પણ ચિંતા વધી રહી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ સમગ્ર ઘટનાની જાણ ધરમપુર વન વિભાગને કરવામાં આવી હતી. જોકે ૨૪ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં દીપડાને પાંજરે પુરવા માટે સ્થળ પર પાંજરું ગોઠવવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

વધુમાં ગ્રામજનો દ્વારા મળેલી માહિતી અનુસાર વન વિભાગના એક કર્મચારીએ સ્થળની મુલાકાત દરમિયાન અહીં પાંજરું મૂકવું યોગ્ય નથી તેમ કહી ઉડાઉ જવાબ આપ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાને લઈને ગ્રામજનોએ વન વિભાગની કામગીરી સામે અસંતોષ વ્યક્ત કર્યો છે.

ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક વિસ્તારમાં સતત પેટ્રોલિંગ શરૂ કરવા, દીપડાની હિલચાલ પર નજર રાખવા અને જરૂરી કાર્યવાહી કરીને દીપડાને પાંજરે પુરવાની માંગ કરી છે. ગ્રામજનોનું કહેવું છે કે જો સમયસર યોગ્ય પગલાં નહીં ભરવામાં આવે તો પશુધન ઉપરાંત માનવજીવન પણ જોખમમાં મુકાઈ શકે છે. તેથી જવાબદાર તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

# દેગામમાં ખોટા દસ્તાવેજોથી જમીન લેવા જતાં ૬ ભેરવાયા

**ચીખલી, તા. ૧૪ :** ચીખલીના દેગામગામે આદિવાસીની જમીનના ખોટા પુરાવા તેમજ બોગસ નોંધ પડાવી તેમજ મરણ ગયેલ વ્યક્તિને જીવિત બતાવી જમીનના રેકોર્ડ સાથે ચેડા કરવાની ઘટનામાં તપાસ બાદ છ જેટલી વ્યક્તિ સામે એટ્રોસિટી એક્ટની કલમનો ઉમેરો કરવા કોર્ટે હુકમ કર્યો છે.

દેગામ ગામે આવેલ બ્લોક નંબર ૧૬૭૦ વાળી જમીન નરસિંહ ચમારીયા ધોડીયા પટેલે વેચાણે લીધી હતી પરંતુ નરસિંહ ચમરીયા પટેલ નું તારીખ ૨૦. ૨. ૮૬ ના રોજ મરણ થયું હતું ત્યારબાદ નરસિંહ પટેલનો પુત્ર મણિલાલ નરસિંહ પટેલે તારીખ ૪. ૨. ૨૦૦૮ ના રોજ બ્લોક નંબર ૧૬૭૦ વાળી જમીનમાં પોતે જ નરસિંહ ચમારીયા પટેલ હોવાનું જણાવી આ જમીન નો વેચાણ દસ્તાવેજ નાનજી માવજી પટેલ, નારણ માવજી પટેલ, શામજી કાનજી પટેલ તમામ રહે તલોધ દેવસર બીલીમોરા, યોગેશ શાંતિલાલ છાટબાર રહે. કૃષ્ણકુંજ સોસાયટી કોલેજ રોડ બીલીમોરા, ઈસ્માઈલ યુસુફ રાવત રહે માણેકપોર હવેલી ફળિયા તા. ચીખલી વિનુ મગન કાલાવાડિયા રહે. ખૂંધ તા. ચીખલી વિગેરેને કરી આપ્યો હતો.

પરંતુ સમગ્ર બનાવનું કૌભાંડ નરસિંહ ચમારીયા પટેલના પૌત્ર ખેતીની જમીન ઉપર જઈને ખેતી કરવાનું ચાલુ કરતા જમીન લેનાર છ જેટલા શખ્સોએ જણાવેલ કે આ જમીન અમારી છે અને અમે વેચાણે રાખેલ છે ત્યારબાદ તપાસ કરતાં કૌભાંડ બહાર આવતા તારીખ ૧૮. ૪. ૧૬ ના રોજ રમણભાઈ ઈશ્વરભાઈ પટેલ રેઠવાણીયા તા.ચીખલીએ ચીખલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જે બનાવનો કેસ ચીખલી કોર્ટમાં ચાલી જતા અને ચીખલી પોલીસે રજૂ કરેલી ચાર્જસીટ જોતા જે તે સમયના ત.ક. અમલદાર દ્વારા એટ્રોસિટી એક્ટનો ગુનો ન હોય ત્યારબાદ ફરિયાદી રમણભાઈ ઈશ્વરભાઈ પટેલે નામદાર કોર્ટમાં આવી જુબાની દરમિયાન કુલ ૪૧ જેટલા દસ્તાવેજો રજૂ કરેલા જેમાં પોતાનો જાતિનો દાખલો રજૂ કરેલો જે આધારે એટ્રોસિટી એક્ટનો ગુનો બનતો હોય તેવી નામદાર કોર્ટમાં ફરિયાદીએ અરજી કરતાં નામદાર કોર્ટે તમામ દસ્તાવેજો તથા સરકારી વકીલ વાય.આર પટેલની દલીલોને ધ્યાનમાં લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટનો ગુનો બનતો સદર કેસ સ્પેશિયલ કોર્ટ તરફ કમિટ કરવાનો હુકમ કરેલ છે.

# ડુંગરા આંતરરાષ્ટ્રીય કોલ રેકેટમાં મુખ્ય આરોપી મુંબઈથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીના ડુંગરા હરીયા પાર્કમાં ચાલતા આંતરરાષ્ટ્રીય ફેક કોલ સેન્ટર કેસમાં વલસાડ લ્બ્બ્એ મુખ્ય સૂત્રધાર રાજેશ ઉર્ફે રાજ ઠોલારને ઝડપી પાડવામાં આવ્યો છે.

આરોપી રાજેશ ઢોલાર અને તેની ગેંગ કેનેડિયન નાગરિકોને સરકારી અધિકારી બની ધમકાવતી, નકલી દસ્તાવેજો મોકલતી અને એપલ ગિફ્ટ કાર્ડના નામે લાખો રૂપિયા પડાવતી હતી. ગિફ્ટ કાર્ડના કોડ વિદેશમાં વેચી ક્રિપ્ટો કરન્સી મારફતે કાળો ધંધો ચલાવવામાં આવતો હતો.

અગાઉ વલસાડ એસઓજી પોલીસ એ રેડ કરીને ૧૧ આરોપીઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા, ઝડપાયેલા આરોપી રાજેશે કબુલાત કરી કે તે વર્ષ ૨૦૧૦ થી મુંબઈ હૈદરાબાદ ચંદીગઢ અમદાવાદ અને સુરત તેમજ અન્ય શહેરોમાં ગેરકાયદેસર કોલ સેન્ટરમાં કામ કરી ચૂક્યો છે અને આ ક્ષેત્રનો જાણકાર તેઓ બની ગયો છે અને હાલમાં મુંબઈમાં પોલીસની સતત રેડની બીક અને ઉંચા ભાડા ના કારણે તેણે પોતાનું અલગ સેન્ટર શરૂ કરી સુરક્ષિત શહેર અને સુરક્ષિત જગ્યા એટલે કે વાપી ડુંગરા પસંદ કરી અહીંથી ઓનલાઇન બ્રોકર મારફતે આ બોગસ કોલ સેન્ટર ચલાવતો હતો અને તે કેનેડાના લોકોને ડરાવવા માટે ગવર્મેન્ટ ઓફ કેનેડાના નકલી લેટરપેડ ડિજિટલ દસ્તાવેજો પણ મોકલી ધમકાવી ડોલરમાં રૂપિયા ઓનલાઇન મંગાવી છેતરપિંડી કરતો હતો.

## હિમાલયના ખોળે ૧૬,૦૦૦ ફૂટની ઊંચાઈએ સાહસની નવી ગાથા

# પારડીના ડો. શિવાની અને ઉત્સવ ભદ્રાએ બુરાન ઘાટી ટ્રેક પૂર્ણ કર્યો






(દમણગંગા ટાઈમ્સ)

**વાપી, તા. ૧૪ :** જ્યાં આકાશ પર્વતોને આલિંગન આપે છે, જ્યાં વાદળો પગલાંની સાથોસાથ ચાલે છે અને જ્યાં પ્રકૃતિનું મૌન પણ એક સંગીત બની જાય છે, એવા હિમાચલ પ્રદેશના હિમાલયી અંચળમાં આવેલ વિશ્વવિખ્યાત બુરાન ઘાટી ટ્રેકને કિલ્લા પારડીના ડૉ. શિવાની ભદ્રા (ઉત્સવ ડેન્ટલ કેર, કલરવ હોસ્પિટલ) અને એન્જિનિયર ઉત્સવ ભદ્રાએ સફળતાપૂર્વક પૂર્ણ કરીને એક યાદગાર સિદ્ધિ નોંધાવી છે.

શિમલા જિલ્લાના પબ્બર ખીણમાંથી શરૂ થઈ કિન્નૌરની બસ્પા ખીણ સુધી પહોંચતો આ ટ્રેક માત્ર એક માર્ગ નથી, પરંતુ કુદરતના અનેક રૂપો સાથેનો એક જીવંત સંવાદ છે. લીલાછમ બુગયાલો, ઘટાદાર દેવદારનાં જંગલો, ખડ ખડ વ્હેતી નદીઓ, ચમકતા ગ્લેશિયરો અને બરફથી ઢંકાયેલા ભવ્ય શિખરો વચ્ચે પસાર થતો આ ટ્રેક હિમાલયની વિરાટતાનો અહેસાસ કરાવે છે.

આશરે ૧૫,૦૦૦ ફૂટ થી વધુ ની ઊંચાઈએ આવેલા બુરાન પાસ સુધી પહોંચવા માટે બંનેએ મધરાત બાદની ઠંડીમાં રાત્રે ત્રણ વાગ્યે ચઢાણ શરૂ કર્યું. દરેક પગલું જાણે પોતાની મર્યાદાઓ સાથેનો સંવાદ હતું. શિખર નજીક પહોંચતાં જ તેજ પવનો અને હિમવર્ષાએ તેમનું સ્વાગત કર્યું. ક્ષણભર માટે આખી દુનિયા સફેદ ચાદરમાં ઢંકાઈ ગઈ અને પ્રકૃતિએ પોતાની દિવ્યતાનો પરિચય કરાવ્યો. ત્યારબાદ ૬૦થી ૭૦ ડિગ્રીના અત્યંત ઊભા બરફીલા ઢોળાવ પરથી રેપેલિંગ (કમર પર દોરડા બાંધી ને ધીરે ધીરે પહાડ ઉતરવું) કરીને નીચે ઉતરવાનો રોમાંચક અને પડકારજનક અનુભવ તેમની આ યાત્રાનો સૌથી યાદગાર અધ્યાય બન્યો. વરસાદથી લપસણા બનેલા માર્ગો, કડકડતી ઠંડી અને ઓક્સિજનની ઘટતી માત્રા છતાં

એમના હિંમત અને દ્રઢ સંકલ્પ અડગ રહ્યા તે અત્યંત સુખ ની પરાકાષ્ઠા હતી! આ સમગ્ર ટ્રેક દરમિયાન તેમને નિરવ પર્વતોની શાંતિ સાંભળવાનો, પર્વતીય ઝરણાં અને નદીઓનું નિર્મળ પાણી પીવાનો, ગ્લેશિયરોને નજીકથી નિહાળવાનો અને હિમવર્ષાની અલૌકિક અનુભૂતિ માણવાનો અવસર મળ્યો.

ડૉ. શિવાની ભદ્રાના જણાવ્યા અનુસાર, ટ્રેકિંગ માત્ર એક પ્રવાસ નથી. તે પોતાની જાતને ઓળખવાની, પોતાની મર્યાદાઓને પડકારવાની અને કુદરતના વિશાળ વિશ્વમાં પોતાના અસ્તિત્વને અનુભવાની એક અનોખી યાત્રા છે. અહીં સુખ-સગવડોથી દૂર, માત્ર પોતાની શક્તિ, સહનશક્તિ અને સંકલ્પના આધારે જીવવાનો અનુભવ થાય છે. ડૉ. શિવાની ભદ્રા અને ઉત્સવ ભદ્રાની આ સિદ્ધિ માત્ર એક ટ્રેક પૂર્ણ કરવાની નથી, પરંતુ હિમાલયની ગોદમાં સાહસ, સંકલ્પ અને આત્મવિશ્વાસની એક સુંદર ગાથા લખવાની છે. તેમની આ ઉપલબ્ધિ યુવાનોને સાહસિક પ્રવૃત્તિઓ તરફ પ્રેરણા આપનારી બની છે.


દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**